सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૬/૧૧/૨૦૧૯ | | |
| નોંધ્યા તારીખ | ૨૬/૧૧/૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૪ | ૧૫ |

-------------------------------------

**મોડાસા નાં મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુ. મોડાસા, જી.અરવલ્લી.**

-------------------------------------

**રે. દિવાની મુકદમા નં. ૬૧/૨૦૧૯**
**આંકઃ-**

વાદીઃ- ૧. કાંતિભાઇ બોળાભાઇ રાવળ
૨. શકરીબેન બોળાભાઇ રાવળ
૩. ભુપતભાઇ બાબુભાઇ રાવળ
૪. કનુભાઇ બાબુભાઇ રાવળ
૫. મંગુબેન તે બાબુભાઇના પત્નિ
તમામ ધર્મે- હિન્દુ, ધંધો- ખેતી,
રહે. સરડોઇ, તા.મોડાસા, જિ.અરવલ્લી

<u>**વિરૂધ્ધ**</u>

પ્રતિવાદી- **(૧) રાવળ કચરાભાઇ રામાભાઇ ગું.વારસો**
૧/૧. રાવળ મહેશભાઇ કચરાભાઇ
૧/૨. રાવળ જીતુભાઇ કચરાભાઇ
૧/૩. રાવળ રમેશભાઇ કચરાભાઇ
૧/૪. રાવળ સવિતાબેન તે કચરાભાઇની વિધવા
(૨) રાવળ પુંજાભાઇ રામાભાઇ
રહે. સરડોઇ, તા.મોડાસા, જિ.અરવલ્લી
**(૩) રાવળ ભીખાભાઇ મણાભાઇ ગું.વારસો**
૩/૧. રાવળ રતનબેન તે અશોકભાઇ બાબુભાઇનાં પત્નિ
રહે.શક્તિનગર રાવળ વાસ, તા.ધનસુરા,જી.અરવલ્લી.
૩/૨. રાવળ રેખાબેન ભુપેન્દ્રભાઇ

રહે.જેસીંગપુરા, (શામળાજી રોડ), તા.ભીલોડા,
જી.અરવલ્લી.

૩/૩. રાવળ ,સંગીતાબેન તે જીતુભાઇ ચંદુભાઇનાં પત્નિ
રહે. ચાર રસ્તા, રાવળવાસ, ધનસુરા, તા.ધનસુરા,
જી.અરવલ્લી.

૩/૪. રાવળ ગીતાબેન લાલાભાઇ
રહે. ગડાધર (સુનોખ રોડ) તા.ભીલોડા, જી.અરવલ્લી.

૩/૫. નરેશભાઇ ભીખાભાઇ રાવળ

૩/૬. સુરેશભાઇ ભીખાભાઇ રાવળ
બન્ને રહે. સરડોઇ, તા.મોડાસા, જી.અરવલ્લી.

(૪) રાવળ સંતોકબેન મણાભાઇ
રહે. બી.ટી.છાપરા, તા.મેઘરજ, જી.અરવલ્લી

(૫) રાવળ સુરજબેન મણાભાઇ
રહે.વજાપુર, પો.ખેરંચા, તા.ભીલોડા, જી.અરવલ્લી

(૬) રાવળ રમણભાઇ નાનાભાઇ

(૭) રાવળ કાળાભાઇ નાનાભાઇ
રહે. કુશ્કી તા.મેઘરજ, જી.અરવલ્લી.

(૮) રાવળ તારાબેન પરસોત્તમભાઇ
રહે. મું.છતરી, પો.શણગાલ,તા.મેઘરજ, જી.અરવલ્લી.

**(૯) રાવળ રમણભાઇ પરસોત્તમભાઇ ગું.વારસો**

૯/૧. રાવળ દિનેશભાઇ રમણભાઇ

૯/૨. રાવળ હિતેશભાઇ રમણભાઇ
રહે. સરડોઇ, તા.મોડાસા, જી.અરવલ્લી.

૯/૩. રાવળ નિરૂબેન રમણભાઇ
રહે. બામણવાડ, તા.મોડાસા, જી.અરવલ્લી

૯/૪. રાવળ કોમલબેન રમણભાઇ
રહે. ટાકાટુંકા, તા.ભીલોડા, જી.અરવલ્લી

૯/૫. રાવળ મંગુબેન રમણભાઇ
રહે. સરડોઇ, તા.મોડાસા, જી.અરવલ્લી

(૧૦) રાવળ શારદાબેન પરસોત્તમભાઈ

રહે. બામણા, તા.હિંમતનગર, જી.સાબરકાંઠા.

(૧૧) રાવળ ડાહીબેન પરસોત્તમભાઈ

રહે.મું.છતરી, પો.શણગાલ,તા.મેઘરજ, જી.અરવલ્લી.

(૧૨) રાવળ બાલાભાઈ પરસોત્તમભાઈ

(૧૩) રાવળ સોમાભાઈ પરસોત્તમભાઈ

રહે. સરડોઈ, તા.મોડાસા. જી.અરવલ્લી.

(૧૪) રાવળ મંજુલાબેન પરોસત્તમભાઈ

રહે.વજાપુર, પો.ખેરંચા, તા.ભીલોડા,જી.અરવલ્લી.

**(૧૫) રાવળ મોતીબેન તે બેચરભાઈનિ દિકરી ગું.વારસો**

૧૫/૧. રાવળ નાથાભાઈ મોતીભાઈ ગુજરતા વારસો

૧૫/૧/૧. રાવળ રમણભાઈ નાથાભાઈ

૧૫/૨. રાવળ મગનભાઈ મોતીભાઈ

રહે. બોલુન્દ્રા, તા.મોડાસા, જી.અરવલ્લી.

---

**દાવોઃ- રૂા.૩૦૦/- ના આંકથી ડેકલેરેશન તથા રૂા.૩૦૦/- નાં આંક થી કાયમી મનાઈ હુકમ માટેનો**

---

વાદીઓ તર્ફે વિ. વ. શ્રી વી.પી.પટેલ

પ્રતિવાદીઓ તર્ફે વિ. વ. શ્રી બી.એમ.કોઠારી

**<u>// ચુકાદો //</u>**

**(૧.૦)** વાદીઓના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,

**૧/૧.** મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનના મુળ માલીક મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈનાઓ હતા અને તેઓ સદરહું જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળનાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈએ

તેઓની તથા તેમના પત્નીની સેવાચાકરી ભરણપોષણ તથા તેઓના મરણબાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાનાં શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનો વહેચણીથી વાદીનાં મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વેશાખ સુદ-૩ ના રોજ લખાણ કરીને આપેલ અને તે દિવસે સદરહું જમીનોનો કબજો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને સુપ્રત કરેલ અને સદરહું જમીન તેઓ હયાત હતાં ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે વાદી સદરહું જમીનનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ છે. સદરહું મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણબાદ નવીન બ્લોક/સર્વે નંબર-૨૫ ની ૦-૨૪-૩૧ હે.આરે.ચો.મી. તથા સર્વે નંબર-૨૪ કે જેનો એકત્રીકરણબાદ નવીન બ્લોક/સર્વે નંબર-૯૪ ની ૦-૪૨-૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનને આ દાવામાં દાવાવાળી જમીન તરીકે સંબોધેલ છે.

**૧/૨.** મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણબાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦-૨૪-૩૧ હે.આરે.ચો.મી.ખેતીલાયક જમીનની હદખુંટ નીચે મુજબ છે.

**પુર્વે:** **– ડુંગર આવેલો છે.**
**પશ્ચિમે:** **– નાળીયુ મુકી સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીન આવેલી છે.**
**ઉત્તરે :** **– મુળાભાઈ કિશોરભાઈ નુ ખેતીલાયક જમીન આવેલી છે.**
**દક્ષિણે :** **– ગૌચર આવેલ છે.**

**૧/૩.** મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણબાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦-૪૨-૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનની હદખુંટ નીચે મુજબ છે.

**પુર્વે : – નાળીયુ મુકી સર્વે નંબર ૨૧/૨ ની ખેતીલાયક જમીન આવેલી છે.**

**પશ્ચિમે :–અભેસિંહ મગનસિંહ ની ખેતીલાયક જમીન આવેલી છે.**

**ઉત્તરે :– મંછીબેન ખાનાભાઈ વણકર ની ખેતીલાયક જમીન આવેલી છે.**

**દક્ષિણે :–ગૌચર આવેલ છે.**

**૧/૪.** વાદીઓ વધુમાં જણાવે છે કે, વાદીનાં મર્હુમ દાદા બહેચરભાઈ અમથાભાઈનાઓએ તેઓની હયાતીમાં વહેચણી કરાર મુજબ દાવાવાળી જમીનો રામાભાઈ બહેચરભાઈની સંમતી અને રાજીખુશીથી તેઓનો હક જતો કરતાં વાદીના પિતાશ્રી મર્હુમ બોળાભાઈ બહેચરભાઈને આપી દીધેલ પરંતુ તે અંગેની રેકર્ડે જેતે સમયે રેકર્ડે નોંધ પાડવાની રહી જતાં સદરહું દાવાવાળી જમીનનાં રેવન્યુ રેકર્ડે મર્હુમ બહેચરભાઈ અમથાભાઈનું નામ ચાલુ રહેલુ ત્યારબાદ તેઓનુ અવસાન થતાં મોજે સરડોઈ તા.મોડાસાના રેવન્યુ રેકર્ડે વારસાઈની નોધ નંબર ૪૧૪ તા.૯/૮/૭૪ ના રોજ પાડવામાં આવેલ અને તે વખતે એકમાત્ર વાદીના પિતાશ્રીનુ નામ વારસાઈ આધારે દાખલ કરવાનુ થતુ હોવા છતાં વાદીના પિતાશ્રી સહીત અન્ય વ્યકિતઓના નામ દાખલ કરવા માટે નોંધ પાડવામાં આવેલ પરંતુ સદરહું નોધનાં કામે જવાબો આધારે ખાતરી કરી સદરહું જમીનમાં એકમાત્ર વાદીનાં પિતાશ્રીનુ નામ દાખલ કરવાનું થતુ હોવા છતાં નોધ નંબર ૪૧૪ ના કામે રાવળ બોળાભાઈ બહેચરભાઈ રામીબેન તે રામા બહેચર અને મોતીબેન બહેચરભાઈ પુરતી સદર નોંધ મંજુર કરેલ ત્યારબાદ સાચી હકીકત ઘ્યાન ઉપર આવતાં સદરહું વાદીના પિતાશ્રી સિવાયના બાકીના વારસદરોનો સદરહું દાવાવાળી જમીનમાં કોઈ જ લાગ ભાગ હક હિત કે કબજો ના હોઈ વાદીના પિતાશ્રી સિવાયનાં બાકીના નામો કમી કરવા માટે મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે નામ કમીની નોધ નંબર ૪૨૪ ની તા.૧૫/૯/૭૪ ના રોજ પાડવામાં આવેલ અને તે નોંધના કામે તેવી સ્પષ્ટ હકીકત જણાવવામાં આવેલ છે સદરહું દાવાવાળી જમીન ઉપર નામ કમી કરનારનો કબજો ના હોઈ તેમજ તેમનો હક તેમને કરેલ ઠરાવ મુજબ જતાં કરેલ હોઈ નામ કમી કરવા માટે નોંધ કરવામાં આવેલ ત્યારબાદ સદરહું નોંધના કામે કોઈ વાંધો રજુ કરવામાં આવેલ ન હતો અને અસલ વહેચણી કરાર રજુ કરવામાં આવેલ હતો તથા વાદીના પિતાશ્રીને કોઈ નોટીસની બજવણી કરવામાં આવેલ ન હતી અને આમ નોંધ ના કામે તમામ

પુર્તતા કરેલ હોઈ સદર નોંધ મંજુર થઈ ગયેલ હશે તેવુ માનવાના કારણે તપાસ કરેલ નહી તથા દાવાવાળી જમીન વહેચણી આધારે અમારા મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને મળેલ હોઈ તથા તે વહેચણી સામે પ્રતિવાદી કે તેમના પિતાશ્રીએ કોઈ જ વાંધો તકરાર લીધેલ ના હોઈ આ બાબતે રેકર્ડે કોઈ જ તપાસ કરેલ નહી પરંતુ સદરહું નામ કમીની નોંધ નંબર ૪૨૪ ની રદ થવાના કારણે રેકર્ડે રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે તેઓના અવસાન બાદ સ્વ.રામીબેન રામાભાઈના વારસોનુ દાવાવાળી જમીન ઉપર કોઈપણ જાતનો લાગભાગ હક હિત હિસ્સો કે કબજો ના હોવા છતાં રેકર્ડે ચાલતા નામનો દુરૂપયોગ કરી સ્વ.રામીબેન રામાભાઈનુ અવસાન થયાના ૩૫ વર્ષ બાદ મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ ની પાડી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ તેઓનુ નામ દાખલ કરવા માટે કાર્યવાહી કરતાં આ બાબતેની વાદીઓને જાણ થતાં વાદીએ સદરહું નોંધ સામે વાંધા અરજી આપતાં મામલતદારશ્રી મોડાસાએ સદરહું નોંધ નંબર ૧૮૯૯ ને તકરારી રજીસ્ટરે દાખલ કરી આર.ટી.એસ.નંબર ૫૮/૧૧ થી નોંધી કેસ ચલાવેલ પરંતુ હક કમીની નોધ રદ થયેલ હોવાના કારણે સ્વ.રામીબેન રામાભાઈનું નામ ચાલુ રહેવાના કારણે વાદીઓની વાંધા અરજી નામંજુર કરી વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ મંજુર કરતો હુકમ કરેલ તે હુકમ સામે વાદીએ નાયબ કલેકટરશ્રી મોડાસા સમક્ષ આર.ટી.એસ.અપીલ નંબર ૧/૧૩ ની દાખલ કરેલ જે અપીલ પણ નાયબ કલેકટરશ્રી મોડાસાએ નામંજુર કરતાં વાદીએ કલેકટરશ્રી અરવલ્લી સમક્ષ આર.ટી.એસ. રીવીજન કેસ નંબર ૧૪૪/૧૪ નો દાખલ કરેલ જે કેસના કામે પણ કલેકટરશ્રીએ ગુણદોષ ઉપર ના જતાં એકમાત્ર રેકર્ડે આધારે નિર્ણય કરી વિંવાદીની રીવીજન અરજી નામ જુર કરતો નિર્ણય કરેલ જે હુકમ વિરૂધ્ધ વાદીએ મે.સચિવશ્રી સમક્ષ હ ક ૫/ અ ૨ લ/૨૫/૧૫ ફેરતપાસ અરજી દાખલ કરેલ તે અરજી ચાલી જતાં મે.સચિવશ્રીએ તા.૬/૧૨/૧૬ ના રોજ વાદીની ફેરતપાસ અરજી નામંજુર કરતો હુકમ કરેલ હતો ત્યારબાદ સમાજના માણસો વચ્ચે પડતાં સદરહું દાવાવાળી જમીન સબંધે સમાધાન માટે વાતચીત થયેલ અને તે માટે બંન્ને પક્ષકારોએ સંમતી દર્શાવતાં સમાધાનની વાતચીતો ચાલેલી પરંતુ લાંબો સમય થવા છતાં આ અંગે કોઈ નિર્ણય ના

આવતાં જેથી અમોએ આ અંગે તપાસ કરતાં જાણવા મળેલ કે પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાંથી પોતાના નામો કમી કરવા માટે સંમત થતા નથી અને રેકર્ડે ચાલતા નામ આધારે કબજો પડાવી દાવાવાળી જમીન વેચાણ કરવા તજવીજ કરી રહેલ છે જેથી વાદી આ બાબતે રેકર્ડેની પુરતી માહીતી મેળવી વહેચણી આધારે દાવાવાળી જમીનના એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવુ ઠરાવવા માટે કાર્યવાહી કરનાર હતા તે અરસામાં આજથી પંદર દિવસ અગાઉ પ્રતિવાદીઓ દાવાવાળી જમીન ઉપર આવેલા અને ધમકીઓ આપતા હતા કે હવે દાવાવાળી જમીનના રેવન્યુ રકેર્ડમાં અમારુ નામ આવી ગયેલ હોઈ અમો ટુંક જ સમયમાં દાવાવાળી જમીનનો કબજો પડાવી લઈ રેકર્ડે અમારુ નામ ચાલતુ હોઈ વેચાણ કરી દેવાના છીએ જેથી અમોએ પ્રતિવાદીઓને આવુ ના કરવા માટે અને દાવાવાળી જમીનના વહેચણી આધારે અને વારસાઈ આધારે એકમાત્ર માલીક છીએ તેવુ જણાવેલ જેથી પ્રતિવાદીઓ ઉશ્કેરાઈ ગયેલા અને જણાવતા હતા કે તે તમામ હકીકત અમો જાણીએ છીએ પરંતુ દાવાવાળી જમીનના રેવન્યુ રકેર્ડમાં અમારુ નામ ચાલતુ હોય અને દાવાવાળી જમીન ઘણી જ મોંધી હોઈ અમો તમારી કોઈ જ વાત સાંભળવા માગતા નથી અને ટુંક જ સમયમાં દાવાવાળી જમીનનો કબજો તમારી પાસેથી પડાવી લઈ બીજાને વેચાણ કરી દેવાના છીએ તમારા થી થાય તેમ કરી લેજો તેવી ધમકી આપેલ જેથી નાછુટકે નાઈલાજે અમો વાદીઓને અમારી માલીકી કબજા ભોગવટાની દાવાવાળી જમીન કે જે અમો વાદીના મર્હુમ પિતાશ્રી રાવળ બોળાભાઈ બહેચરભાઈ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ–૩ ના રોજ કરવામાં આવેલ વહેચણી કરાર આધારે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવું ઠરાવવા તથા તેઓના અવસાન બાદઅમો વાદીઓ વારસાઈ હકે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવું ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના વડવાઓનો કે પ્રતિવાદીઓના કોઈ જ લાગ ભાગ હક હિત કે હિસ્સો રહેલ ન હતો કે નથી તેવું ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં અમો વાદીઓ કે અમારા નોકરો માણસો એજન્ટોને ખેતીકામ કરતા કે ખેત ઉપજ લેતા રાકે રોકાવે નહીં તે મતલબનો કાયમી મનાઈ હુકમ મેળવવા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટે હાલનો દાવો આપ નામદાર કોર્ટમાં દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત

થયેલ છે.

**૧/૫.** વધુમાં વાદીએ દાવાનું કારણ જણાવેલ છે કે, દાવાવાળી ખેતીલાયક જમીન અમો વાદીના મર્હુમ પિતાશ્રી રાવળ બોળાભાઈ બહેચરભાઈનાઓને વહેચણી આધારે મળ્યાબાદ તેઓના અવસાન બાદ અમો વાદીઓ વારસાઈ હકે કાયદેસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ હોવા છતાં પ્રતિવાદીઓએ સ્વ.રામીબેન રામાભાઈનુ નામ રેકર્ડે ચાલુ હોઈ તેનો દુરૂપયોગ કરી વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ પડાવી તેઓનુ નામ દાખલ કરાવ્યા બાદ આ અંગે રેવન્યુ કોર્ટમાં તકરારો ચાલ્યા બાદ સમાધાન અંગેની વાતચીત કરવા સંમતી આપ્યા બાદ આજથી પંદર દિવસ અગાઉ પ્રતિવાદીઓ દાવાવાળી જમીન ઉપર આવેલા અને ધમકીઓ આપતા હતા કે હવે દાવાવાળી જમીનના રેવન્યુ રકેર્ડમાં અમારુ નામ આવી ગયેલ હોઈ અમો ટુંક જ સમયમાં દાવાવાળી જમીનનો કબજો પડાવી લઈ રેકર્ડે અમારૂ નામ ચાલતુ હોઈ વેચાણ કરી દેવાના છીએ તેવી ધમકી આપી તેથી અને ત્યારથી આપ નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

**૧/૬.** વધુમાં વાદીઓએ દાવા અરજી અન્વયે દાદ માંગેલ છે કે,

**(અ)** મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદ ખુંટ દાવા અરજીના પેરા ૨.૧ માં વર્ણવેલ છે તે તથા મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા ૨.૨ માં વર્ણવેલ છે તે દાવાવાળી ખેતીલાયક જમીનના માલીક અમો વાદીના મર્હુમ પિતાશ્રી રાવળ બોળાભાઈ બહેચરભાઈ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ ૩ ના રોજ લખવામાં આવેલ વહેચણી કરાર આધારે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છે તેવું ઠરાવવા તથા સદરહું દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદ ખુંટ દાવા અરજીના પેરા ૨.૧ તથા ૨.૨ માં વર્ણવેલ છે તે ખેતીલાયક જમીનમાં પ્રતિવાદીઓનો કે તેઓના વડવાઓનો કે તેઓના વંશ વાલી વારસોનો કોઈ જ લાગ ભાગ હક હિત કે હિસ્સો નથી તેવુ ઠરાવવા મે.કરશોજી.

(બ) મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા ૨.૧ માં વર્ણવેલ છે તે તથા મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદ ખુંટ દાવા અરજીના પેરા ૨.૨ માં વર્ણવેલ છે તે દાવાવાળી ખેતીલાયક જમીનના માલીક અમો વાદીના મર્હુમ પિતાશ્રી રાવળ બોળાભાઈ બહેચરભાઈ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ ૩ ના રોજ લખવામાં આવેલ વહેચણી કરાર આધારે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર હતા અને તેઓના અવસાન બાદ સદરહું દાવાવાળી જમીન ના અમો વાદીઓ એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર હોઈ તે દાવાવાળી ખેતીલાયક જમીનમાં અમો વાદીઓ કે અમારા નોકરો માણસો એજન્ટોને ખેતીકામ કરતા કે ખેત ઉપજ લેતા પ્રતિવાદીઓ કે તેમના નોકરો માણસો એજન્ટો રોકે રોકાવે નહી તેવો અમો વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી મનાઈ હુકમ આપવા મે.કરશોજી.

(ક) મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા ૨.૧ માં વર્ણવેલ છે તે તથા મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા ૨.૨ માં વર્ણવેલ છે તે દાવાવાળી ખેતીલાયક જમીનના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓનુ નામ ચાલતુ હોઈ તે આધારે પ્રતિવાદીઓ દાવાવાળી જમીન અન્ય કોઈપણ વ્યકિતને વેચાણ ગીરો બક્ષીસ થી તબદીલ કરે કરાવે નહી કે દાવાવાળી જમીન ઉપર કોઈપણ બેંક મંડળી કે અન્ય સંસ્થામાંથી બોજો ધિરાણ લે–લેવડાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ આપવા મે.કરશોજી.

(ડ) આ દાવાનું તમામ ખર્ચ અપાવવા તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી આનુસાંગીક દાદ અપાવવા મે.કરશોજી.

(૨.૦) વાદીઓનાં હાલનાં દાવા અન્વયે આ કામનાં પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ કરવામાં આવેલ છે. પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ/નોટીસની બજવણી થતાં પ્રતિવાદીઓ તેમના વિ. વ. શ્રી મારફતે હાજર થયેલ છે અને પ્રતિવાદીઓ તરફે વાદીની દાવાઅરજી તથા મનાઇ હુકમની અરજી સામેનાં લેખિત વાંધા જવાબ આંક-૦૯ થી રજુ થયેલ છે, જે વંચાણે લેતા, તેઓએ દાવા અરજી તથા મનાઇ અરજીની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીઓએ દાવો તથા મનાઇ અરજી મનાઇ હુકમનાં સિદ્ધાંતો તથા સ્પેસીફીક રીલીફ એક્ટની જોગવાઇઓ વિરૂદ્ધ કરેલ હોય રદ્દ થવાને પાત્ર છે. વાદીઓને દાવા તથા મનાઇ અરજીની હકીકતો જોતા રેવન્યુ જ્યુરીડીક્સનનો બાધ નડે છે. દાવાવાળી જમીનો બાબતે મે. મામલતદાર સાહેબની કોર્ટમાં મોડાસાથી મે. સચિવશ્રી સાહેબની, અમદાવાદની કોર્ટમાં અમો પ્રતિવાદીઓની કાયદેસરની વારસાઇની નોંધ નં.૧૮૯૯ બાબતે વાદીઓએ વાંધો તકરાર ઉઠાવેલી જે તકરાર ત્યારબાદ અપીલ તેમજ રીવીઝન સુંધી કાર્યવાહી કરેલી જે કામોમાં વાદીઓની તકરાર તેમજ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવેલ નહી અને વાદીઓએ દાવા તેમજ મનાઈ અરજીના પેરા-૪ માં જણાવેલ તમામ રેવન્યુ કોર્ટોના ઠરાવો તેઓની વિરૂધ્ધના હોવા છતાં પડકાર્યા સિવાય દાવો તથા મનાઇ અરજી કરેલ હોઈ રદ થવાને પાત્ર છે. દાવાવાળી જમીનો બાબતે દાવા તથા મનાઈ અરજીના પેરા-૧ માં જણાવ્યા મુજબ વહેંચણીથી વાદીઓના મર્હુમ પિતાશ્રી બોળાભાઇ બહેચરભાઇને તેઓની હયાતિમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ-૩ ના રોજ લખાણ કરીને આપેલાની અને કબજો સુપરત કરેલાની અને તેઓ હયાત હતા ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત-ઉપજ લેતા આવેલા અને તેઓના અવસાન બાદ વારસાઇ હક્કે વાદી સદર જમીનનો કાયદેસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ઉપજ લેતા આવેલાની હકીકતો તેમજ બહેચરભાઇ અમથાભાઇએ તેઓની તથા તેમના પત્નીની સેવા-ચાકરી ભરણપોષણ તથા મરણબાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાના શુભઆશયથી આ જમીનો આપેલાની પેરા-૧ ની હકીકતો વાદીઓએ જમીન પડાવી લેવા અને અમો પ્રતિવાદીનો હક્ક નષ્ટ કરવા ખોટી રીતે ઉપજાવી કાઢી જણાવેલ હોઈ અમોને કબુલ નથી. દાવા તથા મનાઈ અરજીના પેરા-૨.૧ તથા ૨.૨ માં જણાવેલ જુના તથા

નવા સર્વે નંબર બાબતે અને તેમના હદખૂંટ બાબતે ખાસ તકરાર નથી. દાવા તથા મનાઈ અરજીના પેરા–૩માં જણાવેલ હકીકતો પેરા–૧ નું પુનરાવર્તન હોઇ ઉપર મુજબ જવાબ આવી જાય છે તેમજ અમોને કબુલ નથી. દાવા તથા મનાઇ અરજીના પેરા–૪ માં જણાવ્યા મુજબ દાવાવાળી જમીનો વાદીના મર્હુમ દાદાએ તેઓની હયાતિમાં વહેંચણી કરાર મુજબ રામાભાઇ બહેચરભાઈની સંમંતી અને રાજી ખુશીથી તેઓનો હક્ક જતો કરતા વાદીઓના પિતા મર્હુમ બોળાભાઇ બહેચરભાઇને જમીન આપી દીધેલ પરતું તે અંગેની રેકર્ડે જે તે સમયે નોંધ પાડવાની રહી જતાં જમીનોમાં બહેચરભાઇ અમથાભાઈનું નામ ચાલુ રહેલું તે હકીકત વાદીઓની ખરી નથી અને માનવા લાયક નથી. વધુમાં બહેચરભાઈનું અવસાન થતાં વારસાઇની નોંધ નં. ૪૧૪ તા. ૦૯/૦૮/૧૯૭૪ ના રોજ પાડવામાં આવેલી અને તે વખતે એક માત્ર વાદીઓના પિતાશ્રીનું નામ વારસાઇ આધારે દાખલ કરવાનું થતું હોવા છતાં વાદીઓના પિતાશ્રી સહિત અન્ય વ્યક્તિઓના નામો દાખલ કરવા માટે નોંધ પાડવામાં આવેલી, પરંતું સદરહું નોંધના કામે જવાબો આધારે એકમાત્ર વાદીઓના પિતાશ્રીનું નામ દાખલ કરવાનું થતું હોવા છતાં નોંધ નં. ૪૨૪ ના કામે રાવળ બોળાભાઇ બહેચરભાઇ, રામીબેન તે રામાભાઇ બહેચરભાઇ અને મોતીબેન બહેચરભાઇ પુરતી સદર નોંધ મંજુર કરેલ ત્યારબાદ સાચી હકીકત ધ્યાન ઉપર આવતાં વાદીના પિતાશ્રી સિવાય બાકીના વારસદારોના નામો કમી કરવા નોંધ નં. ૪૨૪ પાડવામાં આવેલી અને તે નોંધના કામે નામ કમી કરનારનો કબજો ન હોઇ તેમજ વાદીના પિતાશ્રીને કોઇ નોટીસની બજવણી કરવામાં આવેલ નહી અને નોંધના કામે તમામ પુર્તતા કરેલ હોઈ નોંધ મંજુર થઇ ગયેલ હશે તેવું માની જમીન વહેંચણી આધારે બોળાભાઇ બહેચરભાઇને મળેલ હોઇ તે વહેંચણી સામે અમો પ્રતિવાદી કે અમારા પિતાએ વાંધો તકરાર લીધેલ ન હોઇ આ બાબતે રેકર્ડે કોઇ તપાસ કરેલી નહી પરંતું નોંધ નં.૪૨૪ રદ થવાને કારણે રામીબેન રામાભાઈનું નામ ચાલુ રહેવાના કારણે તેઓના અવસાન બાદ રામીબેનના વારસોનો દાવાવાળી જમીન ઉપર કોઇપણ જાતનો લાગ–ભાગ હક્ક હિસ્સો ન હોવા છતાં રેકર્ડે ચાલતા નામનો દુરઉપયોગ કરી રામીબેનના અવસાન થયાના ૩૫ વર્ષ બાદ વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ ની પાડી દાવાવાળી જમીનમાં અમો પ્રતિવાદીઓએ નામો

દાખલ કરવા માટે કાર્યવાહી કરતાં નોંધ નં.૧૮૯૯ બાબતે વાંધા અરજી આપેલાની આ તમામ હકીકતો વાદીઓએ ખોટી તેમજ ગેરકાયદેસર રીતે અમો પ્રતિવાદીઓનો હક્ક નષ્ટ કરવા ઉપજાવી કાઢી જણાવેલ છે. રામીબેન રામાભાઈના નામ બાબતે વાદીઓએ ક્યારેય વાંધો તકરાર લીધેલ નથી કે નોંધ નં. ૪૨૪ બાબતે કોઇ અપીલ કરેલ નથી વધુમાં સંવંત ૨૦૦૧ ના વહેંચણી કરારના આધારે પણ નોંધ પડાવેલ નથી કે કહેવાતા વહેંચણી કરારનો કયારેય અમલ થયેલ નથી અમો પ્રતિવાદીઓએ અજ્ઞાનતાના કારણે રામીબેન રામાભાઈની જગ્યાએ જે તે સમયે વારસાઇ કરાવેલ નથી એનો મતબલ એ નથી કે અમો પ્રતિવાદીઓનો દાવાવાળી જમીનોમાં હક્ક નષ્ટ થઇ જાય છે. વાદીઓએ અમો પ્રતિવાદીઓને વારસાઈની નોંધ નં. ૧૮૯૯ બાબતે વાદીઓએ જે રેવન્યુ કોર્ટમાં કાર્યવાહી કરેલી તે અંગે તકરાર નથી અને તે કામોમાં પણ વાદીઓએ પણ હાલના દાવામાં જે હકીકતો જણાવી છે તે તમામ હકીકતો અને રજુઆત કરવા છતાં રેવન્યુ કોર્ટે માનેલ નથી અને અમો પ્રતિવાદીઓની વારસાઇની નોંધ નં.૧૮૯૯ કાયદેસર રીતે મંજુર કરેલ છે. વધુમાં વાદીઓના જણાવ્યા મુજબ મે. સચિવ સાહેબશ્રીના તા. ૦૬/૧૨/૨૦૧૬ ના ઠરાવ બાદ સમાજના માણસો વચ્ચે પડતા દાવાવાળી જમીન સંબંધે સમાધાન માટે વાતચીત થયેલ અને બન્ને પક્ષકારોએ સંમંતી દર્શાવતા સમાધાનની વાતચીતો ચાલેલી પરંતુ લાબો સમય થવા છતાં કોઈ નિર્ણય ન આવતા વાદીઓને જાણવા મળેલ કે અમો પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાંથી પોતાના નામો કમી કરવા માટે સંમત થતા નથી અને રેકર્ડે ચાલતા નામ આધારે કબજો પડાવી દાવાવાળી જમીન વેચાણ કરવા તજવીજ કરી રહેલ છે. આ હકીકતો વાદીઓએ અમો પ્રતિવાદીઓ વિરૂધ્ધ ખોટો દાવો કરવા હક્ક નષ્ટ કરવા ઉપજાવી કાઢી જણાવેલ છે તેમજ સમાધાનની વાતચીતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અમો પ્રતિવાદીઓના વડીલોની માલીકી કબજાની મિલકત વેચાણ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નહી તેમ છતાં વાદીઓએ મનઘડત રીતે થીયરી ઉભી કરેલ છે. અમો પ્રતિવાદીનો વાદીઓ સાથે મુળથી માલીકી કબજો ભોગવટો આવેલ છે. વાદીઓએ એકમાત્ર માલીક કબજેદાર નથી દાવાવાળી જમીન રેકર્ડના આધારે વેચાણ કરવા કે કબજો પડાવી લઇ રેકર્ડના આધારે વેચાણ કરી દેવાની ધમકીઓ

આપેલાની હકીકત પણ ઉપજાવી કાઢી જણાવેલ છે. વાદીઓ દાવાવાળી જમીનના એકમાત્ર માલીક કબજેદાર હોવાથી હકીકત ખરી નથી. સંવંત ૨૦૦૧ ની વહેંચણીના આધારે બાકીના મર્હુમ પિતાશ્રી બોળાભાઇ બહેચરભાઇ એકમાત્ર માલીક કબજેદાર હોવાથી અને તેવું ઠરાવવા તેમજ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના વડવાઓનો કે પ્રતિવાદીઓનો કોઈ લાગ–ભાગ હક્ક હિત રહેલ ન હતો કે નથી તેવું ઠરાવવા વિગેરે બાબતે દાવો દાખલ કરવાની જરૂર પડેલાની હકીકતો વાદીઓએ જમીન પડાવી લેવા અમો પ્રતિવાદીઓનો હક્ક નષ્ટ કરવા ઉપજાવી કાઢી જણાવેલ છે. વાદીના જણાવ્યા મુજબ દાવાવાળી જમીન પક્ષકારોની સંયુકત માલિકી–કબજા ભોગવટા તરીકે મુળથી આવેલી નથી અને આજે પણ નથી જેથી દાવાવાળી જમીન અમો પ્રતિવાદીઓ વેચાણ કરવા માગંતા હોવાની હકીકત વાદીઓની અસ્થાને છે. દાવા તથા મનાઈ અરજીના પેરા–પ માં દાવા તથા મનાઈ અરજી કરવા વાદીઓએ જે કારણો જણાવેલ છે તે ઉભા કરી ખોટી તેમજ ગેરકાયદેસર રીતે ઉપજાવી કાઢી જણાવેલા હોઇ આવા કોઇ કારણ ઉપસ્થિત થયેલ નથી. વાદીઓએ દાવા તથા મનાઇ અરજીમાં જે દાદ અરજ માંગેલ છે તે મેળવવા વાદીઓ હકદાર નથી વાદીઓના દાવાને માંગેલ દાદ પેરા–૬ (અ) ને દેખીતી રીતે સમય મર્યાદાનો બાધ નડે છે. તેમજ કાયદા વિરૂઘ્ધની છે. કહેવાતો સંવત ૨૦૦૧ નો વહેંચણી કરાર અમો પ્રતિવાદીને કબુલ નથી, બીન અમલી, કાયદા વિરુઘ્ધનો તેમજ ગ્રાહ્ય નથી. અમો પ્રતિવાદીઓ દાવાવાળી જમીન વેચાણ કરવા માંગતા નથી નોંધ નં. ૪૨૪ તા. ૦૯/૦૮/૧૯૭૪ ના રોજની વારસાઇ અંગેની પડેલી તે મુજબ બહેચરભાઇ અમથાભાઇ રાવળ ગુજરતાં દાવાવાળી જમીનોમાં રાવળ બોળાભાઇ બહેચરભાઇ, રાવળ મોતીબેન બહેચરભાઇ, રાંમીબેન તે રામાભાઇ ની વિધવા, પરષોતમભાઇ રામાભાઇ બહેચરભાઇ કંકુબેન રામાભાઇની દિકરી આમ કુલ–પ જણાના નામો વારસદાર તરીકે નોંધ પાડતાં રાવળ બોળાભાઇ બહેચરભાઇ રામીબેન રાંમાભાઈ, રામાભાઇ બહેચરભાઇ, અને મોતીબેન બહેચરભાઇ પૂરતી નોંધ મંજુર થયેલી છે. બાકીના પરષોત્તમભાઇ રામાભાઇ અને કંકુબેન રામાભાઇના નામો સદર એન્ટ્રીના અધારે દાખલ થયેલા નથી અને ત્યારબાદ તરત જ નોંધ નં. ૪૨૪ હક્ક જતો કરેલ હોવા બાબતની

પરષોતમભાઈ રામાભાઈ, કંકુબેન રામાભાઈ તથા રામીબેન રામાભાઈના નામો બાબતે નોંધ નં. ૪૨૪ પડ્યા બાદ વાદીઓના વડીલે જમીન એકલાના નામે દાખલ કરવા નોંધ પડાવેલાનું જણાવેલ છે. જે નોંધ નં. ૪૨૪ જણાવેલ શેરા મુજબ રદ થયેલ છે. તે નોંધ વિરૂધ્ધ બોળાભાઇ બહેચરભાઇ રાવળે કોઇ અપીલ કે રીવીઝન કરેલ નથી. દાવાવાળી જમીન પૈકી સર્વે નં.૨૧/૨ જેનો નવો સર્વે નં. ૧૨૫ ની જમીન સ્થળ ઉપર સળંગ આવેલ છે. જેમાં વિદ્યુત કનેકશન ખેતી ઉપીયોગી આવેલ છે. જે વાદી નં.૧ ના નામે અમો પ્રતિવાદીઓની જાણ સંમંતીથી મેળવવામાં આવેલ છે. જયારે સર્વે નં.૨૪ મા પિયત માટે કુવો આવેલ છે અને મેળવેલ વિજ કનેકશન દ્વારા બન્ને જમીનો કુવામાંથી પાણી મેળવી પિયત કરીએ છીએ સર્વે નં.૨૪ પણ સળંગ આવેલ છે. સર્વે નં. ૨૧/૨ અને સર્વે નં. ૨૪ વચ્ચે નાળીયું આવેલ છે. જે નાળીયાની પૂર્વે સર્વે નં. ૨૧/૨ અને પશ્ચીમે સર્વે નં. ૨૪ આવેલ છે. અમો પક્ષકારોનો સંયુકત માલીકી કબજો ભોગવટો આવેલો છે. સર્વે નં. ૨૧/૨ માં અગાઉ અમોએ બાજરીનુ વાવેતર કરેલ અને જે અમોએ લીધેલ ત્યારબાદ હાલમાં ઘઉંનુ વાવેતર અમો પ્રતિવાદીઓએ કરેલ છે. તેવી રીતે સર્વે નં. ૨૪ હાલ પડતર છે અને અગાઉ જારનુ વાવેતર અમો પ્રતિવાદીઓએ કરેલ. સબબ વાદીઓનો દાવો તથા મનાઇ અરજી ખોટી તેમજ ગેરકાયદેસર હોઇ દાવાવાળી જમીનો પડાવી લેવાનો વાદીઓનો બદ ઈરાદો હોઇ વાદીઓએ અમો પ્રતિવાદીઓ વિરુધ્ધ ખોટો દાવો તથા મનાઇ અરજી કરી ખોટા ખર્ચમાં ઉતારેલ હોઇ વાદીઓનો દાવો ખર્ચ સહીત રદ કરી અમો પ્રતિવાદીઓને રૂ: ૫૦,૦૦૦/– કોમ્પનશેટરી કોસ્ટ અપાવા હુકમ કરશોજી.

(૩.૦) આ કામનાં પ્રતિવાદીઓએ રજુ કરેલ જવાબની સામે આ કામનાં વાદી નં.૧ નાએ આંક–૧૫ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. જેમા આ કામનાં પ્રતિવાદીએ આપેલ જવાબનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અમો વાદીએ સદરહું દાવામાં દાવાવાળી જમીનના એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર હોવાની અને તેમાં પ્રતિવાદીઓનો કે તેઓના વડવાઓનો કોઈ લાગ ભાગ હક હિત કે હિસ્સો નથી તેવુ ઠરાવવા માટે તથા કાયમી મનાઈ હુકમ માટે હાલનો દાવો દાખલ કરેલ છે જેથી રેવન્યુ જયુરીશડીકશનનો બાધ નડતો હોવાની વાત તદ્દન ખોટી છે . વધુમાં પ્રતિવાદીના જણાવ્યા મુજબ

પ્રતિવાદીઓના વડીલોની માલીકી કબજાની મીલ્કત વેચાણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ના હોવાની અને અમો વાદીઓએ મનઘડત રીતે ઉભી કરેલાની અને પ્રતિવાદીઓ અમો વાદીઓ સાથે મુળથી માલીકી કબજો ભોગવટો ધરાવતા હોવાની અને અમો વાદીઓ એકમાત્ર માલીક કબજેદાર ના હોવાની તથા રેકર્ડ આધારે વેચાણ કરવા કે કબજો પડાવી લઈ રેકર્ડ આધારે વેચાણ કરી દેવાની ધમકીઓ આપેલાની હકીકત ઉપજાવી કાઢેલાની તથા સંવત ૨૦૦૧ ની વહેચણી આધારે અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોરાભાઈ બહેચરભાઈ એકમાત્ર કબજેદાર ના હોવાની તથા હાલનો દાવો દાખલ કરવા માટે જે કારણ જણાવેલ છે તેવુ કોઈ કારણ ઉપસ્થિત થયેલ ના હોવાનુ અને હાલનો દાવો પ્રતિવાદીઓનો હક નષ્ટ કરવા ઉપજાવી કાઢેલાનુ તથા દાવાવાળી જમીન વાદી તથા પ્રતિવાદીઓની મુળથી જ સંયુક્ત કબજા ભોગવટાની આવેલાની અને પ્રતિવાદીઓ દાવાવાળી જમીન વેચાણ કરવા માંગતા ના હોવાની હકીકત તદન ખોટી છે કારણ કે રેકર્ડે પ્રતિવાદીઓનુ નામ ચાલતુ હોઈ તે નામનો દુરૂપયોગ કરી કબજો પડાવી લેવાની અને વેચાણ કરવાની તજવીજ કરતાં અમો વાદીઓને હાલનો દાવો તથા મનાઈ અરજી દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. જેથી અમો વાદી દાવા અરજી તથા મનાઈ અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છીએ તેથી અમો વાદીનો દાવો ખર્ચ સહિત રદ થવાને પાત્ર હોવાની અને પ્રતિવાદીઓ પચાસ હજાર કોષ્ટ મેળવવા હકદાર હોવાની હકીકત તદ્દન ખોટી હોઈ અમો વાદી કોઈપણ રીતે કબુલ રાખતા નથી અને અમો વાદી હમારી દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતનો ને સ્પષ્ટપણે વળગી રહીએ છીએ.

**(૪.૦) વાદી તરફે દાવાનાં સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.**

**દસ્તાવેજી પુરાવોઃ**

| **અનુ. નં.** | **દસ્તાવેજી પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧. | મોજે સરડોઇ નાં સર્વે નં.૨૧/૨ નાં સને ૧૯૬૦–૬૧ થી ૧૯૮૬–૮૭ નાં વર્ષનાં ૭/૧૨ નાં ઉતારાની નકલ | ૩૬ |
| ૨. | મોજે સરડોઇ નાં સર્વે નં.૨૧/૨ નાં સને ૧૯૯૨–૯૩ થી ૨૦૦૧–૦૨ નાં વર્ષનાં ૭/૧૨ નાં | ૩૭ |

| | | |
|---|---|---|
| | ઉતારાની નકલ | |
| ૩. | મોજે સરડોઇ નાં સર્વે નં.૨૧/૨ નાં સને ૨૦૦૨–૦૩ થી ૨૦૦૪–૦૫ નાં વર્ષનાં ૭/૧૨ નાં ઉતારાની નકલ | ૩૮ |
| ૪. | મોજે સરડોઇ નાં સર્વે નં.૨૪ નાં ૭/૧૨ નાં ઉતારાની નકલ | ૩૯ |
| ૫. | મોજે સરડોઇ નાં નોંધ નં.૪૧૩, ૪૧૪ ની સર્ટીફાઇડ નકલ | ૪૦ |
| ૬. | મોજે સરડોઇ નાં નોંધ નં.૪૨૩, ૪૨૪ ની સર્ટીફાઇડ નકલ | ૪૧ |
| ૭. | બોડાભાઇ બેચરભાઇએ આપેલ જવાબની ખરી નકલ | ૪૨ |
| ૮. | વાદી તથા પ્રતિવાદી તથા તેમનાં પિતાએ કરેલ વહેચણી કરારની ખરી નકલ | ૪૩ |
| ૯. | મોજે સરડોઇ નોંધ નં.૧૫૨૪ નો ઉતારો અસલ | ૪૪ |
| ૧૦. | દાવાવાળી જમીનની વેરો ભર્યાની વેરા પાવતીઓ અસલ | ૪૫ |
| ૧૧. | વાદીએ ભરેલ વીજ બીલની પાવતીઓ અસલ | ૪૬ |
| ૧૨. | હકપ/અરલ/ ૨૫/૧૫ નાં હુકમની નકલ | ૪૭ |
| ૧૩. | ભીખાભાઇનો મરણનો દાખલો | ૪૮ |

**<u>મૌખિક પુરાવોઃ</u>**

| **અનુ.નં.** | **મૌખિક પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧. | વાદી નં.૧ કાંતિભાઇ બોળાભાઇ રાવળનું સરતપાસનું સોંગદનામું. | ૪૯ |
| ૨. | વાદી નં.૪ કનુભાઇ બાબુભાઇ રાવળનું સરતપાસનું સોગંદનામુ | ૭૦ |
| ૩. | વાદી તરફે સાહેદ કોદરભાઇ જુગાભાઇ રાવળનું સરતપાસનું સોગંદનામુ | ૭૪ |
| ૪. | વાદી તરફે સાહેદ મહેન્દ્રસિંહ વખતસિંહ પરમારનું | ૭૮ |

| | | |
|---|---|---|
| | સરતપાસનું સોગંદનામુ | |

વાદીઓ તરફે તેઓ કોઇ વધારાનો પુરાવો રજુ કરવા માંગતા ના હોય આંક-૮૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે અને ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવો વાદી તર્ફે રજુ નથી.

(૫.૦) આ કામનાં પ્રતિવાદીઓ તરફે કોઇ હાજર ન રહેતા તેમનો પુરાવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬.૦) ઉપરોક્ત પુરાવો પુરો થયા બાદ દાવાનું કામ પક્ષકારોની દલીલો સાંભળવા માટે મુલતવી રાખવામાં આવેલ અને વાદીઓ તરફે આંક-૮૮ થી લેખીત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. જેમા તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનના મુળ માલીક મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈનાઓ હતા અને તેઓ સદરહુ જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળનાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈએ તેઓની તથા તેમના પત્નીની સેવાચાકરી ભરણપોષણ તથા તેઓના મરણ બાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાના શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનો વહેચણીથી વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વેશાખ સુદ-૩ ના રોજ લખાણ કરીને આપેલ છે જે સદર દાવાના કામે આંક-૪૩ થી રજુ છે અને તે દિવસે સદરહુ જમીનોનો કબજો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને સુપ્રત કરેલ અને સદરહુ જમીન તેઓ હયાત હતા ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે વાદી સદરહુ જમીનનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ છે સદરહુ મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો

એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી. તથા સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનને આ દાવામાં દાવાવાળી જમીન તરીકે સંબોધેલ છે. મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી. ખેતીલાયક જમીનની પુર્વે :–ડુંગર આવેલો છે. તથા પરિશ્ચમે :–નાળીયુ મુકી સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીન આવેલી છે. ઉત્તરેઃ– મુળાભાઈ કિશોરભાઈ નુ ખેતીલાયક જમીન આવેલી છે. તથા દક્ષિણે:–ગૌચર આવેલ છે. મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનની પુર્વે :–નાળીયુ મુકી સર્વે નંબર ૨૧/૨ ની ખેતીલાયક જમીન આવેલી છે તથા પશ્ચિમે :– અભેસિંહ મગનસિંહ ની ખેતીલાયક જમીન આવેલી છે તથા ઉત્તરે :– મંછીબેન ખાનાભાઈ વણકર ની ખેતીલાયક જમીન આવેલી છે.તથા દક્ષિણે :– ગૌચર આવેલ છે. એ રીતે ઉપર વર્ણવી હદખુંટ ચાર વચ્ચેની દાવાવાળી ખેતીલાયક જમીન કે જેના મુળ માલીક વાદીઓના દાદા બહેચરભાઈ અમથાભાઈનાઓ હતા અને તેઓ સદરહુ દાવાવાળી જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળનાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈએ તેઓની તથા તેમના પત્નીની સેવાચાકરી ભરણપોષણ તથા તેઓના મરણ બાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાના શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ વાળી દાવાવાળી ખેતીલાયક જમીનો વહેચણીથી વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ–૩ ના રોજ લખાણ કરીને આપેલ અને તે દિવસે સદરહુ દાવાવાળી જમીનોનો કબજો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈ ને સુપ્રત કરેલ અને સદરહુ જમીન તેઓ હયાત હતા ત્યાં સુધી

તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે વાદી સદરહુ દાવાવાળી ખેતીલાયક જમીનોનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ હતા અને છે. વાદીના મર્હુમ દાદા બહેચરભાઈ અમથાભાઈનાઓએ તેઓની હયાતીમાં વહેચણી કરાર મુજબ દાવાવાળી જમીનો રામાભાઈ બહેચરભાઈની સંમતી અને રાજીખુશીથી તેઓનો હક જતો કરતાં વાદીના પિતાશ્રી મર્હુમ બોળાભાઈ બહેચરભાઈને આપી દીધેલ પરંતુ તે અંગેની રેકર્ડે જેતે સમયે રેકર્ડે નોંધ પાડવાની રહી જતાં સદરહુ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે મર્હુમ બહેચરભાઈ અમથાભાઈનુ નામ ચાલુ રહેલુ ત્યારબાદ તેઓનુ અવસાન થતાં મોજે સરડોઈ તા.મોડાસાના રેવન્યુ રેકર્ડે વારસાઈની નોંધ નંબર ૪૧૪ તા.૯/૮/૭૪ ના રોજ પાડવામાં આવેલ જે નોધ સદર કામે આંક–૪૦ થી રજુ છે અને તે વખતે એકમાત્ર વાદીના પિતાશ્રીનુ નામ વારસાઈ આધારે દાખલ કરવાનુ થતુ હોવા છતાં વાદીના પિતાશ્રી સહીત અન્ય વ્યકિતઓના નામ દાખલ કરવા માટે નોંધ પાડવામાં આવેલ પરંતુ સદરહુ નોંધના કામે જવાબો આધારે ખાતરી કરી સદરહુ જમીનમાં એકમાત્ર વાદીના પિતાશ્રીનુ નામ દાખલ કરવાનુ થતુ હોવા છતાં નોધ નંબર ૪૧૪ ના કામે રાવળ બોળાભાઈ બહેચરભાઈ રામીબેન તે રામા બહેચર અને મોતીબેન બહેચરભાઈ પુરતી સદર નોંધ મંજુર કરેલ. ત્યારબાદ સાચી હકીકત ધ્યાન ઉપર આવતાં સદરહુ વાદીના પિતાશ્રી સિવાયના બાકીના વારસદરોનો સદરહુ દાવાવાળી જમીનમાં કોઈ જ લાગ ભાગ હક હિત કે કબજો ના હોઈ વાદીના પિતાશ્રી સિવાય ના બાકીના નામો કમી કરવા માટે મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે નામ કમીની નોધ નંબર ૪૨૪ ની તા.૧૫/૯/૭૪ ના રોજ પાડવામાં આવેલ જે નોધ આ કામે આંક–૪૧ થી રજુ છે તે નોંધ ના કામે રાવળ બોળાભાઈ બહેચરભાઈનો તલાટી ક્રમ મંત્રીશ્રી સરડોઈએ જવાબ લીધેલ જે આ કામે આંક–૪૨ થી રજુ છે અને તે નોંધ ના કામે તેવી સ્પષ્ટ હકીકત જણાવવામાં આવેલ છે સદરહુ દાવાવાળી જમીન ઉપર નામ કમી કરનારનો કબજો ના હોઈ તેમજ તેમનો હક તેમને કરેલ ઠરાવ મુજબ જતાં કરેલ હોઈ નામ કમી કરવા માટે નોંધ કરવામાં આવેલ ત્યારબાદ સદરહુ નોંધ ના કામે કોઈ વાંધો રજુ કરવામાં આવેલ ન હતો અને અસલ વહેચણી કરાર રજુ

કરવામાં આવેલ હતો તથા વાદીના પિતાશ્રીને કોઈ નોટીસની બજવણી કરવામાં આવેલ ના હતી અને આમ નોંધ ના કામે તમામ પુર્તતા કરેલ હોઈ સદર નોંધ મંજુર થઈ ગયેલ હશે તેવુ માનવાના કારણે તપાસ કરેલ નહી તથા દાવાવાળી જમીન વહેચણી આધારે વાદીઓના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને મળેલ હોઈ તથા તે વહેચણી સામે પ્રતિવાદી કે તેમના પિતાશ્રીએ કોઈ જ વાંધો તકરાર લીધેલ ના હોઈ આ બાબતે રેકર્ડે કોઈ જ તપાસ કરેલ નહી પરંતુ સદરહુ નામ કમીની નોંધ નંબર ૪૨૪ ની રદ થવાના કારણે રેકર્ડે રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે તેઓના અવસાન બાદ સ્વ.રામીબેન રામાભાઈના વારસોનુ દાવાવાળી જમીન ઉપર કોઈપણ જાતનો લાગભાગ હક હિત હિસ્સો કે કબજો ના હોવા છતાં રેકર્ડે ચાલતા નામનો દુરૂપયોગ કરી સ્વ.રામીબેન રામાભાઈનુ અવસાન થયાના ૩૫ વર્ષ બાદ મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ ની પાડી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ તેઓનુ નામ દાખલ કરવા માટે કાર્યવાહી કરતાં આ બાબતેની વાદીઓને જાણ થતાં વાદીએ સદરહુ નોંધ સામે વાંધા અરજી આપતાં મામલતદારશ્રી મોડાસા એ સદરહુ નોંધ નંબર ૧૮૯૯ ને તકરારી રજીસ્ટરે દાખલ કરી આર.ટી.એસ.નંબર ૫૮/૧૧ થી નોંધી કેસ ચલાવેલ પરંતુ હક કમીની નોધ રદ થયેલ હોવાના કારણે સ્વ.રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે વાદીઓની વાંધા અરજી નામંજુર કરી વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ મંજુર કરતો હુકમ કરેલ તે હુકમ સામે વાદીએ નાયબ કલેકટરશ્રી મોડાસા સમક્ષ આર.ટી.એસ.અપીલ નંબર ૧/૧૩ ની દાખલ કરેલ જે અપીલ પણ નાયબ કલેકટરશ્રી મોડાસાએ નામંજુર કરતાં વાદીએ કલેકટરશ્રી અરવલ્લી સમક્ષ આર.ટી.એસ.રીવીજન કેસ નંબર ૧૪૪/૧૪ નો દાખલ કરેલ જે કેસના કામે પણ કલેકટરશ્રીએ ગુણદોષ ઉપર ના જતાં એકમાત્ર રેકર્ડે આધારે નિર્ણય કરી વિવાદી ની રીવીઝન અરજી નામંજુર કરતો નિર્ણય કરેલ જે હુકમ વિરૂધ્ધ વાદીએ મે.સચિવશ્રી સમક્ષ હકપ/ અરલ/૨૫/૧૫ ફેરતપાસ અરજી દાખલ કરેલ તે અરજી ચાલી જતાં મે.સચિવશ્રીએ તા.૬/૧૨/૧૬ ના રોજ વાદીની ફેરતપાસ અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે જે હુકમ આ કામે આંક–૪૭ થી રજુ છે ત્યારબાદ સમાજના માણસો વચ્ચે પડતાં સદરહુ દાવાવાળી જમીન સબંધે સમાધાન

માટે વાતચીત થયેલ અને તે માટે બંન્ને પક્ષકારોએ સંમતી દર્શાવતાં સમાધાનની વાતચીતો ચાલેલી પરંતુ લાંબો સમય થવા છતાં આ અંગે કોઈ નિર્ણય ના આવતાં જેથી વાદીએ આ અંગે તપાસ કરતાં જાણવા મળેલ કે પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાંથી પોતાના નામો કમી કરવા માટે સંમત થતા નથી અને રેકર્ડે ચાલતા નામ આધારે કબજો પડાવી દાવાવાળી જમીન વેચાણ કરવા તજવીજ કરી રહેલ છે જેથી વાદી આ બાબતે રેકર્ડેની પુરતી માહીતી મેળવી વહેચણી આધારે દાવાવાળી જમીનના એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવું ઠરાવવા માટે કાર્યવાહી કરનાર હતા તે અરસામાં દાવો કર્યો તેના પંદર દિવસ અગાઉ પ્રતિવાદીઓ દાવાવાળી જમીન ઉપર આવેલા અને ધમકીઓ આપતા હતા કે હવે દાવાવાળી જમીનના રેવન્યુ રકેર્ડમાં અમારૂ નામ આવી ગયેલ હોઈ અમો ટુંક જ સમયમાં દાવાવાળી જમીનનો કબજો પડાવી લઈ રેકર્ડે અમારૂ નામ ચાલતુ હોઈ વેચાણ કરી દેવાના છીએ જેથી વાદીએ પ્રતિવાદીઓને આવુ ના કરવા માટે અને દાવાવાળી જમીનના વહેચણી આધારે અને વારસાઈ આધારે વાદીઓ એકમાત્ર માલીક છીએ તેવુ જણાવેલ જેથી પ્રતિવાદીઓ ઉશ્કેરાઈ ગયેલા અને જણાવતા હતા કે તે તમામ હકીકત અમો જાણીએ છીએ પરંતુ દાવાવાળી જમીનના રેવન્યુ રકેર્ડમાં અમારુ નામ ચાલતુ હોય અને દાવાવાળી જમીન ઘણી જ મોંઘી હોઈ અમો તમારી કોઈ જ વાત સાંભળવા માગતા નથી અને ટુંક જ સમયમાં દાવાવાળી જમીનનો કબજો તમારી પાસેથી પડાવી લઈ બીજાને વેચાણ કરી દેવાના છીએ તમારાથી થાય તેમ કરી લેજો તેવી ધમકી આપેલ જેથી નાછુટકે નાઈલાજે વાદીઓને તેઓની માલીકી કબજા ભોગવટાની દાવાવાળી જમીન કે જે વાદીના મર્હુમ પિતાશ્રી રાવળ બોળાભાઈ બહેચરભાઈ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ-૩ ના રોજ કરવામાં આવેલ વહેચણી કરાર આધારે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવુ ઠરાવવા તથા તેઓના અવસાન બાદ વાદીઓ વારસાઈ હકે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવુ ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના વડવાઓનો કે પ્રતિવાદીઓનો કોઈ જ લાગ ભાગ હક હિત કે હિસ્સો રહેલ ન હતો કે નથી તેવું ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં વાદીઓ કે અમારા નોકરો માણસો એજન્ટો ને ખેતીકામ કરતા કે ખેત ઉપજ લેતા રાકે

રોકાવે નહી તે મતલબનો કાયમી મનાઈ હુકમ મેળવવા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટે હાલનો દાવો આપ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.

સદર હુ દાવાના કામે પ્રતિવાદીઓએ હાજર થઈ આંક–૯ થી લેખિત જવાબ રજુ કરેલ ત્યારબાદ નામદાર કોર્ટથી આંક–૨૮ થી મુદ્દા કાઢવામાં આવેલ તે મુદ્દાના અનુસંધાને વાદી  તરફે આંક–૩૬ થી આંક–૪૮ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ તથા આંક–૪૯ થી વાદી નંબર ૧ નાએ સોગંદ ઉપર જુબાની આપેલ તથા આંક–૭૦ થી વાદી નંબર ૪ નાએ સોગંદ ઉપર જુબાની આપેલ તથા આંક–૭૪ થી તથા આંક–૭૮ થી વાદી તરફે કબજાના અને માલીકી અંગેના સાહેદોને તપાસવામાં આવેલ સદરહુ પુરાવો રજુ કર્યો તે દરમ્યાન પ્રતિવાદીના એડવોકેટે છુટા થવા માટે આપેલ નોટીસ રજુ કરતાં નામદાર કોર્ટથી તેઓને નોટીસ કાઢેલ અને સદર નોટીસ બજી જવા છતાં કોઈ જ પ્રતિવાદી હાજર થયેલ નથી કે વાદી તરફે રજુ કરેલ એકપણ સાહેદની પ્રતિવાદી કે તેમના એડવોકેટ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી કે પ્રતિવાદી તરફે સદર દાવાના કામે કોઈ જ લેખિત કે મૌખિક પુરવાઓ રજુ કરવામાં આવેલ નથી એટલે કે વાદી તરફે જે કોઈ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે તે તમામ પુરાવાઓ એક યા બીજી રીતે સ્વીકાર કરેલ છે તે જોતાં પણ વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ હકીકત સંપુર્ણપણે સાબીત કરે હોઈ વાદીનો દાવો મંજુર થવાને પાત્ર છે.

સદર દાવાના કામે નામદાર કોર્ટે આંક–૨૮ થી જે મુદ્દા કાઢેલ છે તેમાં મુદ્દા નંબર ૧ કે જે દાવાવાળી મીલ્કત ના વારસાઈ હકે માલીક હોવા બાબતેનો છે તથા મુદ્દા નંબર ૨ દાવાવાળી મીલ્કતના કબજા ભોગવટા માટેનો છે તથા મુદ્દા નંબર ૩ મહેસુલી રેકર્ડમાં ખોટી રીતે કપટપુર્વક નામ દાખલ કરેલ છે તે સંદર્ભે હોઈ આ ત્રણેય મુદ્દા એકબીજા સાથે સાબીત કરવાના હોઈ જેથી વાદીએ આંક–૩૬ થી ૪૧ સુધીનુ રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે તથા આંક–૪૨ થી નોધ નંબર ૪૨૪ ના કામે બોળાભાઈ બહેચરભાઈના લીધેલ જવાબની સટી.નકલ રજુ કરેલ છે તથા આંક–૪૩ થી વાદી તથા પ્રતિવાદીના પિતાશ્રી વચ્ચે થયેલ વહેચણી કરારની ખરી નકલ રજુ કરેલ છે અને આમ સદરહુ રેવન્યુ રેકર્ડ જોતાં પણ સદરહુ દાવાવાળી ખેતીલાયક જમીનના મુળ માલીક મર્હુમ બહેચરભાઈ અમથાભાઈનાઓ હતા અને

તેઓની સેવા ચાકરી વાદીના પિતાશ્રી મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ કરતા હોઈ અને પ્રતિવાદીના પિતાશ્રી મર્હુમ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ અને તેઓને સદરહુ મીલ્કતમાં ભાગ લેવો ના હોઈ અને સેવા ચાકરી કરવી ના હોઈ જેથી ભવિષ્યે કોઈ તકરાર ઉપસ્થિત ના થાય તે માટે મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈ તથા વાદીના પિતાશ્રી મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ તથા પ્રતિવાદીના પિતાશ્રી મર્હુમ રામાભાઈ બહેચરભાઈ વચ્ચે તેઓની હયાતીમાં સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ ૩ ના રોજ વહેચણી કરવામાં આવેલ અને તે વહેચણી લેખમાં તેવી સ્પષ્ટ હકીકત જણાવવામાં આવેલ છે કે સદરહુ રાવળ બહેચરભાઈ અમથાભાઈના નામે ચાલતી તમામ ખેતીલાયક જમીન મર્હુમ બોળાભાઈ બહેચરભાઈને તમામની સંમતિથી આપવામાં આવે છે અને આજ પછી બહેચરભાઈ અમથાભાઈ તથા તેમના પત્નીની સેવા ચાકરી બોળાભાઈ બહેચરભાઈએ કરવાની રહેશે અને તેઓના અવસાન બાદ તેઓની પાછળ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ અને તે અંગેનો તમામ ખર્ચ બોળાભાઈ બહેચરભાઈનાઓએ કરવાનો રહેશે અને આ તમામ મીલકતમાંથી રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ સ્વેચ્છાએ તેઓનો હક તેઓ જતો કરે છે અને આજ પછી તેઓ કે તેમના વારસદારો રાવળ બહેચરભાઈ અમથાભાઈના નામે આવેલ મીલકતમાં માલીક કબજેદાર કે કલ્ટીવેટર રહેશે નહી કે માગશે નહી આવી તમામ હકીકતો સાથેનો વહેચણી કરાર આ ત્રણેયની અને પંચોની હાજરીમાં લખવામાં આવેલ છે જે વહેચણી કરાર આ કામે આંક–૪૩ થી રજુ કરવામાં આવેલ છે અને સદર વહેચણી કરારનો ઉલ્લેખ નોધ નંબર ૪૨૪ કે જે તા.૧૫/૯/૭૪ ના રોજ પાડવામાં આવેલ છે જે આ કામે આંક–૪૧ થી રજુ છે તે નોધ ના શેરામાં સદર કરારનો ઉલ્લેખ કરેલ છે તે ઉપરથી પણ તે હકીકત સાબીત થાય છે કે સદરહુ વહેચણી કરાર વાદી તથા પ્રતિવાદીના પિતાશ્રીની હાજરીમાં તેઓની સંમતીથી કરવામાં આવેલ છે અને તેમ છતાં પણ તેઓના અવસાન બાદ પ્રતિવાદીઓ રેકર્ડે ચાલતા નામનો દુરૂપયોગ કરી સદરહુ દાવાવાળી ખેતીલાયક જમીનનો ખોટી રીતે વાદીઓ પાસેથી કબજો પડાવવાનો અને રેકર્ડે ફેરફાર કરવાનો પ્રયત્ન કરતાં વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાખલ કરેલ છે અને હાલના દાવાના કામે સદર

વહેચણી કરાર કે જે આંક-૪૩ થી રજુ કરેલ છે તે વહેચણી કરાર સંદર્ભે પ્રતિવાદી તરફે કોઈ કાઉન્ટર દાવો કરવામાં આવેલ નથી કે આ અગાઉ સદર વહેચણી કરાર ખોટો હોવા બાબતે કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ નથી તે રીતે જોતાં સદર વહેચણી કરાર સંવત ૨૦૦૧ ના રોજ લખવામાં આવેલ છે જયારે હાલમાં સંવત ૨૦૮૨ ની ચાલે છે તે રીતેની ગણતરી કરતાં સદર કરાર આજથી ૮૦ વર્ષ ઉપરાંત લખવામાં આવેલ છે અને તે રીતે જોતાં પણ પુરાવા અધિનિયમની કલમ-૯૦ તથા ૯૧ ની જોગવાઈ મુજબ જયારે કોઈ દસ્તાવેજી પુરાવો ૩૦ વર્ષ અગાઉનો હોઈ અને તે ખોટો હોવા સંદર્ભે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ના હોય તો તેને અવગણી શકાય નહી અને તે પુરાવો સાચો માની તેમાં લખેલ હકીકત માનીને તે મુજબનો હક માંગનાર વ્યકિતને આપવાનો થાય છે આમ સદરહુ આંક-૪૩ ના વહેચણી લેખથી વિરૂધ્ધની કોઈ હકીકત પ્રતિવાદી તરફે રજુ કરવામાં આવેલ ના હોઈ ત્યારે સદર પુરાવાને મુખ્ય પુરાવો ગણીને વાદીને તેઓના દાવામાં માગ્યા મુજબની દાદ આપવાની થતી હોઈ અને વાદીએ નામદાર કોર્ટથી સદરહું દાવાવાળી મીલકત સંદર્ભેના મુદ્દા નંબર ૧ થી ૩ નામદાર કોર્ટે કાઢેલ છે તે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી સાબીત કરેલ હોઈ વાદી તેઓની દાવા અરજીમાં માગેલ દાદ મેળવવા હકદાર હોઈ વાદીનો દાવો મંજુર થવાને પાત્ર છે.

નામદાર કોર્ટે સદર દાવાના કામે આંક-૨૮ થી જે મુદ્દા કાઢેલ છે તેમાં મુદ્દા નંબર ૪ સમય મર્યાદા બાબતેનો કાઢવામાં આવેલ છે જે સંદર્ભે અમો વાદી તરફે જણાવીએ છીએ કે સદરહુ દાવાવાળી ખેતીલાયક જમીન સંદર્ભે માગેલ દાદ દાવાવાળી મીલ્કત વાદીઓની એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર હોવા બાબતે તથા પ્રતિવાદીઓનો કોઈ લાગ ભાગ હક હિત ના હોવા બાબતે તથા કબજાના રક્ષણ બાબતે તથા દાવાવાળી જમીનમાં ચાલતા રેવન્યુ રેકર્ડ ના ઓથા તળે પ્રતિવાદીઓ વેચાણ ગીરો બક્ષીસ કરે કરાવે નહીં તે મતલબનો કાયમી મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે પરંતુ સદરહુ દાવાવાળી મીલ્કત બાબતે પ્રતિવાદીઓએ હાલનો દાવો દાખલ કર્યો તે અગાઉ કયારેય પણ માલીકી કે કબજા બાબતે તકરાર ઉપસ્થિત કરેલ ના હતી પરંતુ તેઓએ સદરહુ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે ખોટી રીતે નોધ નંબર ૧૮૯૯ વારસાઈની પડાવ્યા બાદ તે બાબતે રેવન્યુ તકરાર ચાલેલી

અને તે રેવન્યુ તકરારમાં મે.સચિવશ્રીએ હકપ/અરલ/૨૫/૧૫ ની ફેરતપાસ અરજીના કામે તા.૬/૧૨/૧૬ ના રોજ હુકમ કરી વાદીની ફેરતપાસ અરજી નામંજુર કરતો હુકમ કરેલ અને ત્યારબાદ દાવાવાળી જમીન સબંધે સમાજના માણસો વચ્ચે પડતાં સમાધાન માટે વાતચીત થયેલ પરંતુ તેનો કોઈ હકારાત્મક નિર્ણય ના આવતાં અને પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનમાં પોતાના નામો કમી કરવા માટે સંમત ના થતાં અને રેવન્યુ રેકર્ડના ઓથા તળે વેચાણ કરવા તજવીજ કરતાં વાદીએ નાછુટકે તેઓનો કાયદેસરનો માલીકી કબજા હક મેળવવા અને તેના રક્ષણ માટે હાલનો દાવો દાખલ કરેલ હોઈ જેથી વાદીનો દાવો સમયમર્યાદામાં દાખલ કરેલ છે તે હકીકત વાદી સાબીત કરતા હોઈ જેથી પણ વાદી દાવામાં માગેલ દાદ મેળવવા હકદાર છે

નામદાર કોર્ટે સદર દાવાના કામે આંક–૨૮ થી જે મુદ્દા કાઢેલ છે તેમાં મુદ્દા નંબર પ શુ પ્રતિવાદી સાબીત કરે છે કે વાદીએ બધા જરૂરી પક્ષકાર ઉમેરેલ નથી તે સંદર્ભે પ્રતિવાદી તરફે સદર દાવાના કામે વાદીના કોઈ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી કે વાદી તરફે રજુ કરેલ પુરાવાઓનુ કોઈ ખંડન કરવામાં આવેલ નથી કે પ્રતિવાદી તરફે લેખિત કે મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી અને સદર દાવાના કામે રેવન્યુ રેકર્ડે ચાલતા તમામ પક્ષકારોને આ દાવાના કામે પક્ષકાર તરીકે દાખલ કરેલ હોય જેથી આ દાવાના કામે પક્ષકારનો બાધ નડતો હોવાની હકીકત પ્રતિવાદી પક્ષે સાબીત થતી ના હોઈ અને આમ વાદી તરફે મુદ્દા નંબર ૧ થી ૪ સાબીત કરેલ હોઈ જયારે પ્રતિવાદી તરફે મુદ્દા નંબર પ સાબીત કરવામાં આવેલ ના હોઈ તે જોતાં મુદ્દા નંબર ૬ મુજબ હુકમ કરવાનો થતો હોઈ અને તે હુકમ મુજબ વાદી તેઓની દાવા અરજીમાં માગેલ તમામ દાદ માગવા અને મેળવવા હકદાર હોઈ વાદીનો દાવો મંજુર થવાને પાત્ર હોઈ વાદીનો દાવો મંજુર કરવા મે.કરશોજી.

ઉપર જણાવેલ લેખિત દલીલો તથા સદર દાવાના કામે વાદી તરફે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં વાદી તેઓની દાવા અરજીમાં માગેલ તમામ દાદ માગવા અને મેળવવા હકદાર હોઈ વાદીનો દાવો મંજુર કરવા ઘટતો હુકમ કરવા મે.કરશોજી.

**(૭.૦)** ઉપરોકત તમામ હકીકત અને સંજોગો આધારે પુરોગામી ન્યાયાધીશશ્રીએ ન્યાયીક નિર્ણય માટે આંક–૨૮ થી તા.૨૧/૧૧/૨૦૨૨ ના રોજ મુદ્દા ધડવામાં આવેલા જે નીચે મુજબ છે.

**::– <u>ISSUE –::</u>**

(1) Whether the plaintiffs prove that plaintiffs are the owners of suit property through succession ?

(2) Whether the plaintiff prove that plaintiffs have possession of suit property?

(3) Whether the plaintiffs prove that defendants have fradulenty entered their name in revenue records of the suit property?

(4) Whether the plaintiffs prove that suit is not barred by limitation Act?

(5) Whether the defendants prove that plaintiff have not added all necessary parties?

(6) What is the order & decree?

**(૮.૦)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે હવે પછી કરવામાં આવેલ ચર્ચા આધારે નીચે મુજબના નિર્ણયોના તારણ ઉપર આ અદાલત આવેલ છે.

**૧.** મુદ્દા નં.૧ નકારમાં,
**૨** મુદ્દા નં. ૨ નકારમાં,
**૩.** મુદ્દા નં.૩ નકારમાં,
**૪.** મુદ્દા નં.૪ કારમાં,
**૫.** મુદ્દા નં.૪ કારમાં,
**૬.** મુદ્દા નં.૪ આખરી હુકમ મુજબ.

**(૯.૦)** ઉપરોકત પુરાવા સાથે બંને પક્ષે રજુ દલીલોને ધ્યાને લેતાં જણાવેલ મુદ્દાના માટેના જવાબના કારણોની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>// કારણો //</u>**

**(૧૦.૦)** ઉપરોકત મુદ્દાઓ કાયદા અને હકીકતની દ્રષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય વારંવારનું પુનરાવર્તન ટાળવાના હેતુથી મુદદા નં.૧ થી ૩

ના મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે તથા મુદદા નં.૪,૫ અને ૬ ની ચર્ચા અલગ અલગ કરવામાં આવેલ છે.

(૧૧.૦) આ કામે વાદી તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા વાદી તરફે **આંક–૪૯ થી વાદી નં.૧ કાંતિભાઈ બોળાભાઈ રાવળનું સરતપાસનું સોગંદનામુ રજુ થયેલ છે** જેમા તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનના મુળ માલીક મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈ નાઓ હતા અને તેઓ સદરહુ જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને અમો વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળનાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈએ તેઓની તથા તેમના પત્નીની સેવાચાકરી ભરણપોષણ તથા તેઓના મરણબાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાના શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનો વહેચણીથી અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ–૩ ના રોજ લખાણ કરીને આપેલ અને તે દિવસે સદરહુ જમીનોનો કબજો અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને સુપ્રત કરેલ અને સદરહુ જમીન તેઓ હયાત હતા ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે અમો વાદી સદરહુ જમીનનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ છીએ સદરહુ મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી.તથા સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનને આ દાવામાં દાવાવાળી જમીન તરીકે સંબોધેલ છે.

મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧

હે.આરે.ચો.મી.ખેતીલાયક જમીનની પુર્વે :–ડુંગર આવેલો છે તથા પશ્ચિમે :– નાળીયુ મુકી સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીન આવેલી છે ઉત્તરે :– મુળાભાઈ કિશોરભાઈ નુ ખેતીલાયક જમીન આવેલી છે તથા દક્ષિણે :– ગૌચર આવેલ છે.

મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનની પુર્વે :–નાળીયુ મુકી સર્વે નંબર ૨૧/૨ ની ખેતીલાયક જમીન આવેલી છે તથા પશ્ચિમે :– અભેસિંહ મગનસિંહ ની ખેતીલાયક જમીન આવેલી છે તથા ઉત્તરે :– મંછીબેન ખાનાભાઈ વણકર ની ખેતીલાયક જમીન આવેલી છે દક્ષિણેઃ– ગૌચર આવેલ છે.

એવી રીતે ઉપર વર્ણવી હદખુંટ ચાર વચ્ચેની દાવાવાળી ખેતીલાયક જમીન કે જેના મુળ માલીક અમો વાદીઓના દાદા બહેચરભાઈ અમથાભાઈનાઓ હતા અને તેઓ સદરહુ દાવાવાળી જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને અમો વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળ નાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈએ તેઓની તથા તેમના પત્નીની સેવાચાકરી ભરણપોષણ તથા તેઓના મરણ બાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાના શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ વાળી દાવાવાળી ખેતીલાયક જમીનો વહેચણીથી અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ–૩ ના રોજ લખાણ કરીને આપેલ અને તે દિવસે સદરહુ દાવાવાળી જમીનોનો કબજો અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈ ને સુપ્રત કરેલ અને સદરહુ જમીન તેઓ હયાત હતા ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે અમો વાદી સદરહુ દાવાવાળી ખેતીલાયક જમીનોનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ હતા અને છીએ.

અમો વાદીના મર્હુમ દાદા બહેચરભાઈ અમથાભાઈનાઓએ તેઓની હયાતીમાં વહેચણી કરાર મુજબ દાવાવાળી જમીનો રામાભાઈ બહેચરભાઈની સંમતી અને રાજીખુશીથી તેઓનો હક જતો કરતાં અમો વાદીના પિતાશ્રી મર્હુમ બોળાભાઈ બહેચરભાઈને આપી દીધેલ પરંતુ તે અંગેની રેકર્ડે જેતે સમયે રેકર્ડે નોંધ પાડવાની રહી જતાં સદરહુ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે મર્હુમ બહેચરભાઈ અમથાભાઈનુ નામ ચાલુ રહેલુ ત્યારબાદ તેઓનુ અવસાન થતાં મોજે સરડોઈ તા.મોડાસાના રેવન્યુ રેકર્ડે વારસાઈની નોંધ નંબર ૪૧૪ તા.૯/૮/૭૪ ના રોજ પાડવામાં આવેલ અને તે વખતે એકમાત્ર અમો વાદીના પિતાશ્રીનુ નામ વારસાઈ આધારે દાખલ કરવાનુ થતુ હોવા છતાં અમો વાદીના પિતાશ્રી સહીત અન્ય વ્યકિતઓના નામ દાખલ કરવા માટે નોંધ પાડવામાં આવેલ પરંતુ સદરહુ નોધ ના કામે જવાબો આધારે ખાતરી કરી સદરહુ જમીનમાં એકમાત્ર અમો વાદીના પિતાશ્રીનુ નામ દાખલ કરવાનુ થતુ હોવા છતાં નોધ નંબર ૪૧૪ ના કામે રાવળ બોળાભાઈ બહેચરભાઈ રામીબેન તે રામા બહેચર અને મોતીબેન બહેચરભાઈ પુરતી સદર નોંધ મંજુર કરેલ ત્યારબાદ સાચી હકીકત ધ્યાન ઉપર આવતાં સદરહુ અમો વાદીના પિતાશ્રી સિવાયના બાકીના વારસદરોનો સદર હુ દાવાવાળી જમીનમાં કોઈ જ લાગ ભાગ હક હિત કે કબજો ના હોઈ અમો વાદીના પિતાશ્રી સિવાયના બાકીના નામો કમી કરવા માટે મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે નામ કમીની નોધ નંબર ૪૨૪ ની તા.૧૫/૯/૭૪ ના રોજ પાડવામાં આવેલ અને તે નોંધના કામે તેવી સ્પષ્ટ હકીકત જણાવવામાં આવેલ છે સદરહુ દાવાવાળી જમીન ઉપર નામ કમી કરનારનો કબજો ના હોઈ તેમજ તેમનો હક તેમને કરેલ ઠરાવ મુજબ જતાં કરેલ હોઈ નામ કમી કરવા માટે નોંધ કરવામાં આવેલ ત્યારબાદ સદરહુ નોંધના કામે કોઈ વાંધો રજુ કરવામાં આવેલ ન હતો અને અસલ વહેચણી કરાર રજુ કરવામાં આવેલ હતો તથા અમો વાદીના પિતાશ્રીને કોઈ નોટીસની બજવણી કરવામાં આવેલ ના હતી અને આમ નોંધના કામે તમામ પુર્તતા કરેલ હોઈ સદર નોંધ મંજુર થઈ ગયેલ હશે તેવુ માનવાના કારણે તપાસ કરેલ નહી તથા દાવાવાળી જમીન વહેચણી આધારે અમારા મર્હુમ પિતાશ્રી બાળાભાઈ બહેચરભાઈને મળેલ હોઈ તથા તે વહેચણી સામે પ્રતિવાદી કે તેમના પિતાશ્રીએ કોઈ જ વાંધો તકરાર લીધેલ ના હોઈ આ

બાબતે રેકર્ડે કોઈ જ તપાસ કરેલ નહી પરંતુ સદરહુ નામ કમીની નોંધ નંબર ૪૨૪ ની રદ થવાના કારણે રેકર્ડે રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે તેઓના અવસાન બાદ સ્વ.રામીબેન રામાભાઈના વારસોનુ દાવાવાળી જમીન ઉપર કોઈપણ જાતનો લાગભાગ હક હિત હિસ્સો કે કબજો ના હોવા છતાં રેકર્ડે ચાલતા નામનો દુરૂપયોગ કરી સ્વ.રામીબેન રામાભાઈનુ અવસાન થયાના ૩૫ વર્ષ બાદ મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ ની પાડી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ તેઓનુ નામ દાખલ કરવા માટે કાર્યવાહી કરતાં આ બાબતેની અમો વાદીઓને જાણ થતાં અમો વાદીએ સદરહુ નોંધ સામે વાંધા અરજી આપતાં મામલતદારશ્રી મોડાસાએ સદરહુ નોંધ નંબર ૧૮૯૯ ને તકરારી રજીસ્ટરે દાખલ કરી આર.ટી.એસ.નંબર ૫૮/૧૧ થી નોંધી કેસ ચલાવેલ પરંતુ હક કમીની નોંધ રદ થયેલ હોવાના કારણે સ્વ.રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે અમો વાદીઓની વાંધા અરજી નામંજુર કરી વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ મંજુર કરતો હુકમ કરેલ તે હુકમ સામે અમો વાદીએ નાયબ કલેકટરશ્રી મોડાસા સમક્ષ આર.ટી.એસ.અપીલ નંબર ૧/૧૩ ની દાખલ કરેલ જે અપીલ પણ નાયબ કલેકટરશ્રી મોડાસાએ નામંજુર કરતાં અમો વાદીએ કલેકટરશ્રી અરવલ્લી સમક્ષ આર.ટી.એસ.રીવીજન કેસ નંબર ૧૪૪/૧૪ નો દાખલ કરેલ જે કેસના કામે પણ કલેકટરશ્રી એ ગુણદોષ ઉપર ના જતાં એકમાત્ર રેકર્ડે આધારે નિર્ણય કરી અમો વિવાદીની રીવીજન અરજી ના મંજુર કરતો નિર્ણય કરેલ જે હુકમ વિરૂધ્ધ અમો વાદીએ મે.સચિવશ્રી સમક્ષ હ ક ૫/અ ૨ ૯/૨૫/૧૫ ફેરતપાસ અરજી દાખલ કરેલ તે અરજી ચાલી જતાં મે.સચિવશ્રીએ તા.૬/૧૨/૧૬ ના રોજ અમો વાદીની ફેરતપાસ અરજી નામંજુર કરતો હુકમ કરેલ હતો ત્યારબાદ સમાજના માણસો વચ્ચે પડતાં સદર હુ દાવાવાળી જમીન સબંધે સમાધાન માટે વાતચીત થયેલ અને તે માટે બંન્ને પક્ષકારોએ સંમતી દર્શાવતાં સમાધાનની વાતચીતો ચાલેલી પરંતુ લાંબો સમય થવા છતાં આ અંગે કોઈ નિર્ણય ના આવતાં જેથી અમોએ આ અંગે તપાસ કરતાં જાણવા મળેલ કે પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાંથી પોતાના નામો કમી કરવા માટે સંમત થતા નથી અને રેકર્ડે ચાલતા નામ આધારે કબજો પડાવી દાવાવાળી જમીન વેચાણ કરવા તજવીજ કરી રહેલ છે જેથી

અમો વાદી આ બાબતે રેકર્ડેની પુરતી માહીતી મેળવી વહેચણી આધારે દાવાવાળી જમીનના એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવુ ઠરાવવા માટે કાર્યવાહી કરનાર હતા તે અરસામાં આજથી પંદર દિવસ અગાઉ પ્રતિવાદીઓ દાવાવાળી જમીન ઉપર આવેલા અને ધમકીઓ આપતા હતા કે હવે દાવાવાળી જમીનના રેવન્યુ રકેર્ડમાં અમારુ નામ આવી ગયેલ હોઈ અમો ટુંક જ સમયમાં દાવાવાળી જમીનનો કબજો પડાવી લઈ રેકર્ડે અમારુ નામ ચાલતુ હોઈ વેચાણ કરી દેવાના છીએ જેથી અમોએ પ્રતિવાદીઓને આવુ ના કરવા માટે અને દાવાવાળી જમીનના વહેચણી આધારે અને વારસાઈ આધારે એકમાત્ર માલીક છીએ તેવુ જણાવેલ જેથી પ્રતિવાદીઓ ઉશ્કેરાઈ ગયેલા અને જણાવતા હતા કે તે તમામ હકીકત અમો જાણીએ છીએ પરંતુ દાવાવાળી જમીનના રેવન્યુ રકેર્ડમાં અમારુ નામ ચાલતુ હોય અને દાવાવાળી જમીન ઘણી જ મોઘી હોઈ અમો તમારી કોઈ જ વાત સાંભળવા માગતા નથી અને ટુંક જ સમયમાં દાવાવાળી જમીનનો કબજો તમારી પાસેથી પડાવી લઈ બીજાને વેચાણ કરી દેવાના છીએ તમારાથી થાય તેમ કરી લેજો તેવી ધમકી આપેલ જેથી નાછુટકે નાઈલાજે અમો વાદીઓને હમારી માલીકી કબજા ભોગવટાની દાવાવાળી જમીન કે જે અમો વાદીના મર્હુમ પિતાશ્રી રાવળ બોળાભાઈ બહેચરભાઈ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ-૩ ના રોજ કરવામાં આવેલ વહેચણી કરાર આધારે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવું ઠરાવવા તથા તેઓના અવસાન બાદ અમો વાદીઓ વારસાઈ હકે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવુ ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના વડવાઓનો કે પ્રતિવાદીઓના કોઈ જ લાગ ભાગ હક હિત કે હિસ્સો રહેલ ન હતો કે નથી તેવુ ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં અમો વાદીઓ કે હમારા નોકરો માણસો એજન્ટો ને ખેતીકામ કરતા કે ખેત ઉપજ લેતા રાકે રોકાવે નહી તે મતલબનો કાયમી મનાઈ હુકમ મેળવવા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટે હાલનો દાવો આપ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે જે દાવાના કામે પ્રતિવાદીઓને નોટીસની બજવણી થતાં પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ હાજર થઈ અમો વાદી ની દાવા અરજી તથા મનાઈ અરજી નો ખોટી અને મનઘડત હકીકતો ઉપસ્થિત કરી આંક-૯

થી લેખિત જવાબ રજુ કરેલ છે તથા બાકીના પ્રતિવાદીઓએ કોઈ જ જવાબ રજુ કરેલ નથી તે સામે અમો વાદીએ આંક–૧૫ થી રીજોઈન્ડર એફીડેવીટ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ અમો વાદી ની દાવા અરજી તથા મનાઈ અરજી નો જે લેખિત જવાબ રજુ કરેલ છે તેનો સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાય નો કોઈપણ મજકુર અમો કબુલ રાખતા નથી.

પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ તેઓના લેખિત જવાબના પેરા–૧ થી ૩ માં જે હકીકતો જણાવેલ છે તે તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ હોઈ અમો વાદી કબુલ રાખતા નથી અને તે હકીકતો પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ પુરાવાથી સાબીત કરવાની રહે છે તથા લેખિત જવાબ ના પેરા–૪ માં જણાવ્યા મુજબ અમો વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીને રેવન્યુ જ્યુરીશડીકશનનો બાધ નડતો હોવાની તથા દાવાવાળી જમીનો બાબતે મે.મામલતદાર સાહેબની કોર્ટથી મે.સચિવશ્રી અમદાવાદની કોર્ટમાં વારસાઈની નોધ નંબર ૧૮૯૯ બાબતે અમો વાદીઓએ વાંધો તકરાર ઉઠાવેલ અને અમો વાદીની તકરાર અને રજુઆતને ગ્રાહ્ય રાખવામાં આવેલ ન હોવા છતાં તેઓને દાવાના કામે પડકારેલ ના હોઈ જેથી દાવા અરજી તથા મનાઈ અશજી રદ થવા ને પાત્ર હોવાની હકીકત તદ્દન ખોટી છે. કારણ કે અમો વાદીએ સદરહુ દાવામાં દાવાવાળી જમીનના એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર હોવાની અને તેમાં પ્રતિવાદીઓનો કે તેઓના વડવાઓનો કોઈ લાગ ભાગ હક હિત કે હિસ્સો નથી તેવું ઠરાવવા માટે તથા કાયમી મનાઈ હુકમ માટે હાલનો દાવો દાખલ કરેલ છે જેથી રેવન્યુ જ્યુરીશડીકશનનો બાધ નડતો હોવાની વાત તદન ખોટી છે તથા લેખિત જવાબના પેરા–૫ થી ૭ માં જે હકીકત જણાવેલ છે તે પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ એકમાત્ર અમો વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતોનો ખોટી રીતે ઈન્કાર કરેલ છે જેથી અમો વાદી તે હકીકતો સ્વીકારતા નથી.

પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા

૧૨, અને ૧૩ નાએ તેઓના લેખિત જવાબના પેરા–૮ માં જણાવ્યા મુજબ દાવા તથા મનાઈ અરજીના પેરા–૪ માં જણાવ્યા મુજબ . કાર્યવાહી કરતાં નોધ નંબર ૧૮૯૯ બાબતે વાંધા અરજી આપેલાની જે હકીકતો જણાવેલ છે તે એકમાત્ર અમો વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતોનો ખોટી રીતે ઈન્કાર કરેલ છે જેથી અમો વાદી તે હકીકતો સ્વીકારતા નથી વધુમાં તે જ પેરામાં જણાવ્યા મુજબ પ્રતિવાદીનો હક નષ્ટ કરવા ઉપજાવી કાઢેલાની તથા રામીબેન રામાભાઈના નામ બાબતે અમો વાદીઓએ કયારેય વાંધો તકરાર લીધેલ ના હોવાની કે નોંધ નંબર ૪૨૪ બાબતે કોઈ અપીલ કરેલ ન હોવાની કે સંવત ૨૦૦૧ ના વહેચણી કરારના આધારે પણ નોંધ પડાવેલ ના હોવાની કે કહેવાતા વહેચણી કરારનો કયારેય અમલ થયેલ ના હોવાની તથા પ્રતિવાદીઓની અજ્ઞાનતાના કારણે રામીબેન રામાભાઈની જગ્યાએ જેતે સમયે વારસાઈ કરાવેલ ના હોવાની અને તેના કારણે પ્રતિવાદીઓનો દાવાવાળી જમીનમાં હક નષ્ટ થઈ જતો ના હોવાની તથા અમો વાદીઓએ આ હકીકતો રેવન્યુ કોર્ટમાં જણાવવા છતાં તે હકીકતો માનેલ ના હોવાની તથા પ્રતિવાદીઓની વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ કાયદેસર રીતે મંજુર કરેલાની હકીકત તદ્દન ખોટી છે અને તેજ કારણસર અમો વાદીએ કાર્યવાહી કરેલ હતી પરંતુ આ બાબતે ત્યારબાદ સમાધાન માટેની વાતચીત ચાલતાં લાંબો સમય થયેલો અને તેમ છતાં પ્રતિવાદી દાવાવાળી જમીનમાંથી પોતાના નામો કમી કરવા માટે સંમત ના થતાં અને દાવાવાળી જમીનનો કબજો પડાવી વેચાણ કરવાની તજવીજ કરતાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ હાલનો દાવો તથા મનાઈ અરજી દાખલ કરેલ છે અને તે હકીકત ખોટી ઉપજાવી કાઢેલાની પ્રતિવાદી જણાવેલ છે તે તદ્દન ખોટી હોઈ અમો વાદી કબુલ રાખતા નથી. વધુમાં પ્રતિવાદીના જણાવ્યા મુજબ પ્રતિવાદીઓના વડીલોની માલીકી કબજાની મીલ્કત વેચાણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ના હોવાની અને અમો વાદીઓએ મનઘડત રીતે ઉભી કરેલાની અને પ્રતિવાદીઓ અમો વાદીઓ સાથે મુળથી માલીકી કબજો ભોગવટો ધરાવતા હોવાની અને અમો વાદીઓ એકમાત્ર માલીક કબજેદાર ના હોવાની તથા રેકર્ડ આધારે વેચાણ કરવા કે કબજો પડાવી લઈ રેકર્ડ આધારે વેચાણ કરી દેવાની ધમકીઓ આપેલાની હકીકત ઉપજાવી કાઢેલાની તથા

સંવત ૨૦૦૧ ની વહેચણી આધારે અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોરાભાઈ બહેચરભાઈ એકમાત્ર કબજેદાર ના હોવાની તથા હાલનો દાવો દાખલ કરવા માટે જે કારણ જણાવેલ છે તેવુ કોઈ કારણ ઉપસ્થિત થયેલ ના હોવાનુ અને હાલનો દાવો પ્રતિવાદીઓનો હક નષ્ટ કરવા ઉપજાવી કાઢેલાનુ તથા દાવાવાળી જમીન વાદી તથા પ્રતિવાદીઓની મુળથી જ સંયુકત કબજા ભોગવટાની આવેલાની અને પ્રતિવાદીઓ દાવાવાળી જમીન વેચાણ કરવા માગતા ના હોવાની હકીકત તદ્દન ખોટી છે કારણ કે રેકર્ડે પ્રતિવાદીઓનુ નામ ચાલતુ હોઈ તે નામનો દુરૂપયોગ કરી કબજો પડાવી લેવાની અને વેચાણ કરવાની તજવીજ કરતાં અમો વાદીઓને હાલનો દાવો તથા મનાઈ અરજી દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે જેથી અમો વાદી દાવા અરજી તથા મનાઈ અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છીએ.

પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ તેઓના લેખિત જવાબના પેરા–૯ માં જણાવ્યા મુજબ અમો વાદી દાવા તથા મનાઈ અરજી ના પેરા–૫ માં દાવા તથા મનાઈ અરજી કરવા જે કારણો જણાવેલ છે તે ખોટા ઉભા કરેલાની તથા અમો વાદીએ દાવા તથા મનાઈ અરજમાં જે દાદ માગેલ છે તે મેળવવા હકદાર ના હેવાની તથા દાવા અરજીમાં માગેલ દાદ ના ૬(અ)ને દેખીતી રીતે સમયમાર્યદાનો બાધ નડતો હોવાની તથા સંવત ૨૦૦૧ નો વહેચણી કરાર પ્રતિવાદીઓને કબુલ ના હોઈ બીનઅમલી અને કાયદા વિરૂધ્ધનો તેમજ ગ્રાહય ના હોવાની તમામ હકીકતો ખોટી છે અને અમો વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવી ના શકીએ તે માટે ઉપજાવી કાઢેલ હોઈ અમો વાદી કબુલ રાખતા નથી.

પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ તેઓના લેખિત જવાબના પેરા– ૧૦ માં જણાવ્યા મુજબ નોંધ નંબર ૪૨૪ ની તા.૯/૮/૭૪ ના રોજ વારસાઈ અંગેની પડેલી છે તે મુજબ બહેચરભાઈ અમથાભાઈ રાવળ ગુજરતાં દાવાવાળી જમીનમાં રાવળ બોરાભાઈ બહેચરભાઈ રાવળ મોતીભાઈ બહેચરભાઈ રામીબેન તે રામાભાઈ ની વિધવા પુરૂષોત્તમભાઈ રામાભાઈ બહેચરભાઈ કંકુબેન રામાભાઈ ની દિકરી આમ કુલ ૫ જણાની વારસદાર તરીકે નોંધ પડતાં રાવળ બોરાભાઈ બહેચરભાઈ રામીબેન રામાભાઈ બહેચરભાઈ અને મોતીબેન બહેચરભાઈ

પુરતી નોંધ મંજુર થયેલાની અને બાકીના પુરૂષોત્તમભાઈ રામાભાઈ અને કંકુબેન રામાભાઈ ના નામો સદર એન્ટ્રીના આધારે દાખલ થયેલ ના હોવાની અને ત્યારબાદ તરત જ નોંધ નંબર ૪૨૪ થી હક જતો કરેલ હોવા બાબતે પુરૂષોત્તમભાઈ રામાભાઈ કંકુબેન રામાભાઈ તથા રામીબેન રામાભાઈ ના નામો બાબતે નોંધ નંબર ૪૨૪ પડયા બાબતે અમો વાદીના વડીલે જમીન એકલાના નામે દાખલ કરવા નોંધ પડાવેલાની જે હકીકત જણાવેલછે જે નોંધ નંબર ૪૨૪ માં જણાવેલ શેરા મુજબ રદ થયેલાની કે તે નોંધ વિરૂધ્ધ બોરાભાઈ બહેચરભાઈ રાવળે કોઈ અપીલ કે રીવીજન કરેલ ના હોવાની તથા દાવાવાળી જમીન પૈકી સર્વે નંબર ૨૧/૨ કે જનો નવો સર્વે નંબર ૧૨૫ ની જમીન સ્થળ ઉપર સળંગ આવેલાની જેમાં વિધ્યુત કનેકશન આવેલાની જે વાદી નંબર ૧ ના નામે પ્રતિવાદીઓની જાણ સંમતીથી મેળવવામાં આવેલાની જયારે સર્વે નંબર ૨૪ માં પિયત માટે કુવો આવેલ છે અને મેળવેલ વીજ કનેકશન દ્વારા બંન્ને જમીનો કુવામાંથી પાણી મેળવી પિયત કરતા હોવાની અને સર્વે નંબર ૨૪ સળંગ આવેલાની હકીકત ખોટી છે કારણ કે મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનના મુળ માલીક મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈ નાઓ હતા અને તેઓ સદરહુ જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને અમો વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળ નાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈએ તેઓની તથા તેમના પત્નીની સેવાચાકરી ભરણપોષણ તથા તેઓના મરણબાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાના શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનો વહેચણીથી અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વેશાખ સુદ–૩ ના રોજ લખાણ કરીને આપેલ અને તે દિવસે સદરહુ જમીનોનો કબજો અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને સુપ્રત કરેલ અને સદરહુ જમીન તેઓ હયાત હતા ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા

અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે અમો વાદી સદરહુ જમીનનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ છીએ જેથી તેમાં પ્રતિવાદીઓનો કે અન્ય કોઈનો લાગભાગ કે હક હિત આવેલ નથી પરંતુ એકમાત્ર રેકર્ડે જે નામ ખોટી રીતે ચાલતા હતા તેના આધારે સદર હકીકત જણાવેલ હોઈ જેથી તે હકીકત અમો વાદી કબુલ રાખતા નથી.

પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ તેઓના લેખિત જવાબના પેરા– ૧૧ માં જણાવ્યા મુજબ સર્વે નંબર ૨૧/૨ અને સર્વે નંબર ૨૪ વચ્ચે નાળીયુ આવેલાની જે નાળીયાની પુર્વે સર્વે નંબર ૨૧/૨ અને પશ્ચિમે સર્વે નંબર ૨૪ આવેલાની અને તે વાદી તથા પ્રતિવાદીઓની સંયુક્ત માલીકી કબજો ભોગવટો આવેલાની હકીકત તદ્દન ખોટી છે તથા પેરા–૧૨ માં જણાવ્યા મુજબ સર્વે નંબર ૨૧/૨ માં પ્રતિવાદીઓએ અગાઉ બાજરીનુ વાવેતર કરેલાનુ અને ત્યારબાદ હાલમાં ઘઉંનુ વાવેતર કરેલાની તથા સર્વે નંબર ૨૪ હાલ પડતર હોવાની અને અગાઉ જાર નુ વાવેતર પ્રતિવાદીઓએ કરેલાની હકીકત તદ્દન ખોટી છે તથા પેરા–૧૩ માં જણાવ્ય મુજબ અમો વાદીએ હાલનો દાવો તથા મનાઈ અરજી ખોટી તેમજ ગેરકાયદેસર રીતે જમીન પડાવી લેવાના બદ ઈરાદાથી પ્રતિવાદી વિરૂધ્ધ દાખલ કરેલાની તથા ખોટા ખર્ચમાં ઉતારેલાની અને તેથી અમો વાદીનો દાવો ખર્ચ સહીત રદ થવાને પાત્ર હોવાની અને પ્રતિવાદીઓ પચાસ હજાર કોષ્ટ મેળવવા હકદાર હોવાની હકીકત તદન ખોટી હોઈ અમો વાદી કોઈપણ રીતે કબુલ રાખતા નથી અને અમો વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છીએ સદર દાવાના કામે આંક ૩૨ નાં પુરાવા લીસ્ટની જરૂરી અસલ તથા સર્ટી.પુરાવાઓ રજુ કરેલા છે જેમાં નિ. ૩૨/૧ થી મોજે સરડોઈ તા.મોડાસા ના સર્વે નંબર ૨૧/૨ ના વર્ષ ૧૯૬૦–૬૧ થી ૧૯૯૨–૯૩ ના વર્ષ ના ૭/૧૨ નાં ઉતારા અસલમાં રજુ છે તથા નિ.૩૨/૨ થી મોજે સરડોઈ તા.મોડાસા ના સર્વે નંબર ૨૧/૨ ના વર્ષ ૧૯૯૨–૯૩ થી ૨૦૦૧–૨૦૦૨ ના વર્ષ ના ૭/૧૨ નાં ઉતારા અસલમાં રજુ છે તથા નિ.૩૨/૩ થી મોજે સરડોઈ તા.મોડાસા ના સર્વે નંબર ૨૧/૨ ના વર્ષ ૨૦૦૨–૨૦03 થી ૨૦૦૪–૦૫ ના વર્ષ ના ૭/૧૨ ના ઉતારા

અસલમાં રજુ છે તથા નિ.૩૨/૪ થી મોજે સરડોઈ તા.મોડાસા ના સર્વે નંબર ૨૪ નો ૭/૧૨ ના ઉતારા અસલમાં રજુ છે તથા નિ. ૩૨/૫ થી મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે પડેલ નોધ નંબર ૪૧૩ તથા ૪૧૪ ના ઉતારા અસલમાં રજુ છે તથા નિ. ૩૨/૬ થી મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે પડેલ નોંધ નંબર ૪૨૪ નો ઉતારા અસલમાં રજુ છે તથા નિ. ૩૨ /૭ થી બોળાભાઈ બહેચભાઈ એ આપેલ જવાબ ની ખરી નકલ રજુ છે તથા નિ. ૩૨/૮ થી બોળાભાઈ બહેચભાઈ તથા વાદી પ્રતિવાદી વચ્ચે થયેલ વહેચણીલેખનો ઉતારો અસલમાં રજુ છે તથા નિ.૩૨ /૯ થી મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે પડેલ નોધ નંબર ૧૫૨૪ નો ઉતારા અસલમાં રજુ છે તથા નિ.૩૨/૧૦ થી દાવાવાળી જમીનનો વેરો ભર્યાની પાવતીના કુલે-૭ પાન અસલમાં રજુ છે તથા નિ.૩૨/૧૧ થી વાદીએ ભરેલ વીજ બીલ તથા ભરેલ પાવતીઓ અસલમાં રજુ છે તથા નિ. ૩૨/૧૨ થી હ ક ૫ /સ બ ૨ ૨૫/૧૫ નો હુકમ અસલ માં રજુ છે તથા નિ. ૩૨/૧૩ થી ભીખાભાઈ મણાભાઈના મરણનો દાખલો અસલમાં રજુ છે આ તમામ પુરાવાઓ અસલ તથા સર્ટી.નકલો હોઈ દાવાના કામે વંચાણે લેવાય તે માટે આંક આપવા મે.કરશોજી.

આ કામે વાદીનં.૧ નાએ આંક-૪૯ થી રજુ કરેલ તેમનું સરતપાસનું સોગંદનામુ ધ્યાને લેતા, તેઓએ તેમનાં દાવાની હકીકતને સમર્થન કરતુ સોગંદનામુ રજુ કરેલ છે. પ્રતિવાદીઓનો વાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે જેથી પ્રતિવાદીઓ તરફે વાદીની ઉલટતપાસ થયેલી નથી.

(૧૧.૧) ત્યારબાદ **વાદી નં.૪ કનુભાઇ બાબુભાઇ રાવળનાઓએ આંક-૭૦ થી સરતપાસનું સોગંદનામુ** રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનના મુળ માલીક મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈ નાઓ હતા અને તેઓ સદરહુ જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને અમો વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળનાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ

અમથાભાઈએ તેઓની તથા તેમના પત્નીની સેવાચાકરી ભરણપોષણ તથા તેઓના મરણબાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાના શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનો વહેચણીથી અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ–૩ ના રોજ લખાણ કરીને આપેલ અને તે દિવસે સદરહુ જમીનોનો કબજો અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને સુપ્રત કરેલ અને સદરહુ જમીન તેઓ હયાત હતા ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે અમો વાદી સદરહુ જમીનનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ છીએ સદરહુ મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી.તથા સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનને આ દાવામાં દાવાવાળી જમીન તરીકે સંબોધેલ છે.

મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી.ખેતીલાયક જમીનની પુર્વે :–ડુંગર આવેલો છે તથા પશ્ચિમે :– નાળીયુ મુકી સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીન આવેલી છે ઉત્તરે :– મુળાભાઈ કિશોરભાઈ નુ ખેતીલાયક જમીન આવેલી છે તથા દક્ષિણે :– ગૌચર આવેલ છે.

મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનની પુર્વે :–નાળીયુ મુકી સર્વે નંબર ૨૧/૨ ની ખેતીલાયક જમીન આવેલી છે તથા પશ્ચિમે :– અભેસિંહ મગનસિંહ ની ખેતીલાયક જમીન આવેલી છે તથા ઉત્તરે :– મંછીબેન ખાનાભાઈ વણકર ની ખેતીલાયક જમીન આવેલી છે દક્ષિણેઃ– ગૌચર આવેલ છે.

એવી રીતે ઉપર વર્ણવી હદખુંટ ચાર વચ્ચેની દાવાવાળી ખેતીલાયક જમીન કે જેના મુળ માલીક અમો વાદીઓના દાદા બહેચરભાઈ અમથાભાઈનાઓ હતા અને તેઓ સદરહુ દાવાવાળી જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને અમો વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળ નાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈએ તેઓની તથા તેમના પત્નીની સેવાચાકરી ભરણપોષણ તથા તેઓના મરણ બાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાના શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ વાળી દાવાવાળી ખેતીલાયક જમીનો વહેચણીથી અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ–૩ ના રોજ લખાણ કરીને આપેલ અને તે દિવસે સદરહુ દાવાવાળી જમીનોનો કબજો અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈ ને સુપ્રત કરેલ અને સદરહુ જમીન તેઓ હયાત હતા ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે અમો વાદી સદરહુ દાવાવાળી ખેતીલાયક જમીનોનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ હતા અને છીએ.

અમો વાદીના મર્હુમ દાદા બહેચરભાઈ અમથાભાઈનાઓએ તેઓની હયાતીમાં વહેચણી કરાર મુજબ દાવાવાળી જમીનો રામાભાઈ બહેચરભાઈની સંમતી અને રાજીખુશીથી તેઓનો હક જતો કરતાં અમો વાદીના પિતાશ્રી મર્હુમ બોળાભાઈ બહેચરભાઈને આપી દીધેલ પરંતુ તે અંગેની રેકર્ડે જેતે સમયે રેકર્ડે નોંધ પાડવાની રહી જતાં સદરહુ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે મર્હુમ બહેચરભાઈ અમથાભાઈનુ નામ ચાલુ રહેલુ ત્યારબાદ તેઓનુ અવસાન થતાં મોજે સરડોઈ તા.મોડાસાના રેવન્યુ રેકર્ડે વારસાઈની નોંધ નંબર ૪૧૪ તા.૯/૮/૭૪ ના રોજ પાડવામાં આવેલ અને તે વખતે એકમાત્ર અમો વાદીના પિતાશ્રીનુ નામ વારસાઈ આધારે દાખલ કરવાનુ થતુ હોવા છતાં અમો વાદીના પિતાશ્રી સહીત અન્ય વ્યકિતઓના નામ દાખલ કરવા માટે નોંધ પાડવામાં આવેલ પરંતુ સદરહુ નોધ ના કામે

જવાબો આધારે ખાતરી કરી સદરહુ જમીનમાં એકમાત્ર અમો વાદીના પિતાશ્રીનુ નામ દાખલ કરવાનુ થતુ હોવા છતાં નોધ નંબર ૪૧૪ ના કામે રાવળ બોળાભાઈ બહેચરભાઈ રામીબેન તે રામા બહેચર અને મોતીબેન બહેચરભાઈ પુરતી સદર નોંધ મંજુર કરેલ ત્યારબાદ સાચી હકીકત ધ્યાન ઉપર આવતાં સદરહુ અમો વાદીના પિતાશ્રી સિવાયના બાકીના વારસદરોનો સદર હુ દાવાવાળી જમીનમાં કોઈ જ લાગ ભાગ હક હિત કે કબજો ના હોઈ અમો વાદીના પિતાશ્રી સિવાયના બાકીના નામો કમી કરવા માટે મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે નામ કમીની નોધ નંબર ૪૨૪ ની તા.૧૫/૯/૭૪ ના રોજ પાડવામાં આવેલ અને તે નોંધના કામે તેવી સ્પષ્ટ હકીકત જણાવવામાં આવેલ છે સદરહુ દાવાવાળી જમીન ઉપર નામ કમી કરનારનો કબજો ના હોઈ તેમજ તેમનો હક તેમને કરેલ ઠરાવ મુજબ જતાં કરેલ હોઈ નામ કમી કરવા માટે નોંધ કરવામાં આવેલ ત્યારબાદ સદરહુ નોંધના કામે કોઈ વાંધો રજુ કરવામાં આવેલ ન હતો અને અસલ વહેચણી કરાર રજુ કરવામાં આવેલ હતો તથા અમો વાદીના પિતાશ્રીને કોઈ નોટીસની બજવણી કરવામાં આવેલ ના હતી અને આમ નોંધના કામે તમામ પુર્તતા કરેલ હોઈ સદર નોંધ મંજુર થઈ ગયેલ હશે તેવુ માનવાના કારણે તપાસ કરેલ નહી તથા દાવાવાળી જમીન વહેચણી આધારે અમારા મર્હુમ પિતાશ્રી બાળાભાઈ બહેચરભાઈને મળેલ હોઈ તથા તે વહેચણી સામે પ્રતિવાદી કે તેમના પિતાશ્રીએ કોઈ જ વાંધો તકરાર લીધેલ ના હોઈ આ બાબતે રેકર્ડે કોઈ જ તપાસ કરેલ નહી પરંતુ સદરહુ નામ કમીની નોંધ નંબર ૪૨૪ ની રદ થવાના કારણે રેકર્ડે રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે તેઓના અવસાન બાદ સ્વ.રામીબેન રામાભાઈના વારસોનુ દાવાવાળી જમીન ઉપર કોઈપણ જાતનો લાગભાગ હક હિત હિસ્સો કે કબજો ના હોવા છતાં રેકર્ડે ચાલતા નામનો દુરૂપયોગ કરી સ્વ.રામીબેન રામાભાઈનુ અવસાન થયાના ૩૫ વર્ષ બાદ મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ ની પાડી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ તેઓનુ નામ દાખલ કરવા માટે કાર્યવાહી કરતાં આ બાબતેની અમો વાદીઓને જાણ થતાં અમો વાદીએ સદરહુ નોંધ સામે વાંધા અરજી આપતાં મામલતદારશ્રી મોડાસાએ સદરહુ નોંધ નંબર ૧૮૯૯ ને તકરારી રજીસ્ટરે દાખલ કરી

આર.ટી.એસ.નંબર ૫૮/૧૧ થી નોંધી કેસ ચલાવેલ પરંતુ હક કમીની નોંધ રદ થયેલ હોવાના કારણે સ્વ.રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે અમો વાદીઓની વાંધા અરજી નામંજુર કરી વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ મંજુર કરતો હુકમ કરેલ તે હુકમ સામે અમો વાદીએ નાયબ કલેકટરશ્રી મોડાસા સમક્ષ આર.ટી.એસ.અપીલ નંબર ૧/૧૩ ની દાખલ કરેલ જે અપીલ પણ નાયબ કલેકટરશ્રી મોડાસાએ નામંજુર કરતાં અમો વાદીએ કલેકટરશ્રી અરવલ્લી સમક્ષ આર.ટી.એસ.રીવીજન કેસ નંબર ૧૪૪/૧૪ નો દાખલ કરેલ જે કેસના કામે પણ કલેકટરશ્રી એ ગુણદોષ ઉપર ના જતાં એકમાત્ર રેકર્ડે આધારે નિર્ણય કરી અમો વિવાદીની રીવીજન અરજી ના મંજુર કરતો નિર્ણય કરેલ જે હુકમ વિરૂધ્ધ અમો વાદીએ મે.સચિવશ્રી સમક્ષ હ ક ૫/અ ૨ ૯/૨૫/૧૫ ફેરતપાસ અરજી દાખલ કરેલ તે અરજી ચાલી જતાં મે.સચિવશ્રીએ તા.૬/૧૨/૧૬ ના રોજ અમો વાદીની ફેરતપાસ અરજી નામંજુર કરતો હુકમ કરેલ હતો ત્યારબાદ સમાજના માણસો વચ્ચે પડતાં સદર હુ દાવાવાળી જમીન સબંધે સમાધાન માટે વાતચીત થયેલ અને તે માટે બંન્ને પક્ષકારોએ સંમતી દર્શાવતાં સમાધાનની વાતચીતો ચાલેલી પરંતુ લાંબો સમય થવા છતાં આ અંગે કોઈ નિર્ણય ના આવતાં જેથી અમોએ આ અંગે તપાસ કરતાં જાણવા મળેલ કે પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાંથી પોતાના નામો કમી કરવા માટે સંમત થતા નથી અને રેકર્ડે ચાલતા નામ આધારે કબજો પડાવી દાવાવાળી જમીન વેચાણ કરવા તજવીજ કરી રહેલ છે જેથી અમો વાદી આ બાબતે રેકર્ડેની પુરતી માહીતી મેળવી વહેચણી આધારે દાવાવાળી જમીનના એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવુ ઠરાવવા માટે કાર્યવાહી કરનાર હતા તે અરસામાં આજથી પંદર દિવસ અગાઉ પ્રતિવાદીઓ દાવાવાળી જમીન ઉપર આવેલા અને ધમકીઓ આપતા હતા કે હવે દાવાવાળી જમીનના રેવન્યુ રકેર્ડમાં અમારુ નામ આવી ગયેલ હોઈ અમો ટુંક જ સમયમાં દાવાવાળી જમીનનો કબજો પડાવી લઈ રેકર્ડે અમારુ નામ ચાલતુ હોઈ વેચાણ કરી દેવાના છીએ જેથી અમોએ પ્રતિવાદીઓને આવુ ના કરવા માટે અને દાવાવાળી જમીનના વહેચણી આધારે અને વારસાઈ આધારે એકમાત્ર માલીક છીએ તેવુ જણાવેલ જેથી પ્રતિવાદીઓ ઉશ્કેરાઈ ગયેલા અને જણાવતા હતા કે તે તમામ હકીકત અમો જાણીએ છીએ પરંતુ દાવાવાળી

જમીનના રેવન્યુ રકેર્ડમાં અમારુ નામ ચાલતુ હોય અને દાવાવાળી જમીન ઘણી જ મોધી હોઈ અમો તમારી કોઈ જ વાત સાંભળવા માગતા નથી અને ટુંક જ સમયમાં દાવાવાળી જમીનનો કબજો તમારી પાસેથી પડાવી લઈ બીજાને વેચાણ કરી દેવાના છીએ તમારાથી થાય તેમ કરી લેજો તેવી ધમકી આપેલ જેથી નાછુટકે નાઈલાજે અમો વાદીઓને હમારી માલીકી કબજા ભોગવટાની દાવાવાળી જમીન કે જે અમો વાદીના મર્હુમ પિતાશ્રી રાવળ બોળાભાઈ બહેચરભાઈ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ–૩ ના રોજ કરવામાં આવેલ વહેચણી કરાર આધારે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવું ઠરાવવા તથા તેઓના અવસાન બાદ અમો વાદીઓ વારસાઈ હકે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવુ ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના વડવાઓનો કે પ્રતિવાદીઓના કોઈ જ લાગ ભાગ હક હિત કે હિસ્સો રહેલ ન હતો કે નથી તેવુ ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં અમો વાદીઓ કે હમારા નોકરો માણસો એજન્ટો ને ખેતીકામ કરતા કે ખેત ઉપજ લેતા રાકે રોકાવે નહી તે મતલબનો કાયમી મનાઈ હુકમ મેળવવા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટે હાલનો દાવો આપ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે જે દાવાના કામે પ્રતિવાદીઓને નોટીસની બજવણી થતાં પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ હાજર થઈ અમો વાદી ની દાવા અરજી તથા મનાઈ અરજી નો ખોટી અને મનઘડત હકીકતો ઉપસ્થિત કરી આંક–૯ થી લેખિત જવાબ રજુ કરેલ છે તથા બાકીના પ્રતિવાદીઓએ કોઈ જ જવાબ રજુ કરેલ નથી તે સામે અમો વાદીએ આંક–૧૫ થી રીજોઈન્ડર એફીડેવીટ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ અમો વાદી ની દાવા અરજી તથા મનાઈ અરજી નો જે લેખિત જવાબ રજુ કરેલ છે તેનો સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાય નો કોઈપણ મજકુર અમો કબુલ રાખતા નથી.

પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ તેઓના લેખિત જવાબના પેરા–૧ થી ૩ માં જે હકીકતો જણાવેલ છે તે તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ હોઈ અમો વાદી કબુલ રાખતા નથી અને તે હકીકતો પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી

૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ પુરાવાથી સાબીત કરવાની રહે છે તથા લેખિત જવાબ ના પેરા–૪ માં જણાવ્યા મુજબ અમો વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીને રેવન્યુ જયુરીશડીકશનનો બાધ નડતો હોવાની તથા દાવાવાળી જમીનો બાબતે મે.મામલતદાર સાહેબની કોર્ટથી મે.સચિવશ્રી અમદાવાદની કોર્ટમાં વારસાઈની નોધ નંબર ૧૮૯૯ બાબતે અમો વાદીઓએ વાંધો તકરાર ઉઠાવેલ અને અમો વાદીની તકરાર અને રજુઆતને ગ્રાહ્ય રાખવામાં આવેલ ન હોવા છતાં તેઓને દાવાના કામે પડકારેલ ના હોઈ જેથી દાવા અરજી તથા મનાઈ અશજી રદ થવા ને પાત્ર હોવાની હકીકત તદ્દન ખોટી છે. કારણ કે અમો વાદીએ સદરહુ દાવામાં દાવાવાળી જમીનના એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર હોવાની અને તેમાં પ્રતિવાદીઓનો કે તેઓના વડવાઓનો કોઈ લાગ ભાગ હક હિત કે હિસ્સો નથી તેવું ઠરાવવા માટે તથા કાયમી મનાઈ હુકમ માટે હાલનો દાવો દાખલ કરેલ છે જેથી રેવન્યુ જયુરીશડીકશનનો બાધ નડતો હોવાની વાત તદન ખોટી છે તથા લેખિત જવાબના પેરા–૫ થી ૭ માં જે હકીકત જણાવેલ છે તે પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ એકમાત્ર અમો વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતોનો ખોટી રીતે ઈન્કાર કરેલ છે જેથી અમો વાદી તે હકીકતો સ્વીકારતા નથી.

પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ તેઓના લેખિત જવાબના પેરા–૮ માં જણાવ્યા મુજબ દાવા તથા મનાઈ અરજીના પેરા–૪ માં જણાવ્યા મુજબ. કાર્યવાહી કરતાં નોધ નંબર ૧૮૯૯ બાબતે વાંધા અરજી આપેલાની જે હકીકતો જણાવેલ છે તે એકમાત્ર અમો વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતોનો ખોટી રીતે ઈન્કાર કરેલ છે જેથી અમો વાદી તે હકીકતો સ્વીકારતા નથી વધુમાં તે જ પેરામાં જણાવ્યા મુજબ પ્રતિવાદીનો હક નષ્ટ કરવા ઉપજાવી કાઢેલાની તથા રામીબેન રામાભાઈના નામ બાબતે અમો વાદીઓએ કયારેય વાંધો તકરાર લીધેલ ના હોવાની કે નોંધ નંબર ૪૨૪ બાબતે કોઈ અપીલ કરેલ ન હોવાની કે સંવત ૨૦૦૧ ના વહેચણી કરારના આધારે પણ નોંધ પડાવેલ ના હોવાની કે કહેવાતા વહેચણી કરારનો કયારેય અમલ થયેલ ના

હોવાની તથા પ્રતિવાદીઓની અજ્ઞાનતાના કારણે રામીબેન રામાભાઈની જગ્યાએ જેતે સમયે વારસાઈ કરાવેલ ના હોવાની અને તેના કારણે પ્રતિવાદીઓનો દાવાવાળી જમીનમાં હક નષ્ટ થઈ જતો ના હોવાની તથા અમો વાદીઓએ આ હકીકતો રેવન્યુ કોર્ટમાં જણાવવા છતાં તે હકીકતો માનેલ ના હોવાની તથા પ્રતિવાદીઓની વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ કાયદેસર રીતે મંજુર કરેલાની હકીકત તદ્દન ખોટી છે અને તેજ કારણસર અમો વાદીએ કાર્યવાહી કરેલ હતી પરંતુ આ બાબતે ત્યારબાદ સમાધાન માટેની વાતચીત ચાલતાં લાંબો સમય થયેલો અને તેમ છતાં પ્રતિવાદી દાવાવાળી જમીનમાંથી પોતાના નામો કમી કરવા માટે સંમત ના થતાં અને દાવાવાળી જમીનનો કબજો પડાવી વેચાણ કરવાની તજવીજ કરતાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ હાલનો દાવો તથા મનાઈ અરજી દાખલ કરેલ છે અને તે હકીકત ખોટી ઉપજાવી કાઢેલાની પ્રતિવાદી જણાવેલ છે તે તદ્દન ખોટી હોઈ અમો વાદી કબુલ રાખતા નથી. વધુમાં પ્રતિવાદીના જણાવ્યા મુજબ પ્રતિવાદીઓના વડીલોની માલીકી કબજાની મીલ્કત વેચાણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ના હોવાની અને અમો વાદીઓએ મનઘડત રીતે ઉભી કરેલાની અને પ્રતિવાદીઓ અમો વાદીઓ સાથે મુળથી માલીકી કબજો ભોગવટો ધરાવતા હોવાની અને અમો વાદીઓ એકમાત્ર માલીક કબજેદાર ના હોવાની તથા રેકર્ડ આધારે વેચાણ કરવા કે કબજો પડાવી લઈ રેકર્ડ આધારે વેચાણ કરી દેવાની ધમકીઓ આપેલાની હકીકત ઉપજાવી કાઢેલાની તથા સંવત ૨૦૦૧ ની વહેચણી આધારે અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોરાભાઈ બહેચરભાઈ એકમાત્ર કબજેદાર ના હોવાની તથા હાલનો દાવો દાખલ કરવા માટે જે કારણ જણાવેલ છે તેવુ કોઈ કારણ ઉપસ્થિત થયેલ ના હોવાનુ અને હાલનો દાવો પ્રતિવાદીઓનો હક નષ્ટ કરવા ઉપજાવી કાઢેલાનુ તથા દાવાવાળી જમીન વાદી તથા પ્રતિવાદીઓની મુળથી જ સંયુકત કબજા ભોગવટાની આવેલાની અને પ્રતિવાદીઓ દાવાવાળી જમીન વેચાણ કરવા માગતા ના હોવાની હકીકત તદ્દન ખોટી છે કારણ કે રેકર્ડે પ્રતિવાદીઓનુ નામ ચાલતુ હોઈ તે નામનો દુરૂપયોગ કરી કબજો પડાવી લેવાની અને વેચાણ કરવાની તજવીજ કરતાં અમો વાદીઓને હાલનો દાવો તથા મનાઈ અરજી દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે જેથી અમો વાદી દાવા અરજી

તથા મનાઈ અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છીએ.

પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ તેઓના લેખિત જવાબના પેરા–૯ માં જણાવ્યા મુજબ અમો વાદી દાવા તથા મનાઈ અરજી ના પેરા–૫ માં દાવા તથા મનાઈ અરજી કરવા જે કારણો જણાવેલ છે તે ખોટા ઉભા કરેલાની તથા અમો વાદીએ દાવા તથા મનાઈ અરજમાં જે દાદ માગેલ છે તે મેળવવા હકદાર ના હેવાની તથા દાવા અરજીમાં માગેલ દાદ ના ૬(અ)ને દેખીતી રીતે સમયમાર્યદાનો બાધ નડતો હોવાની તથા સંવત ૨૦૦૧ નો વહેચણી કરાર પ્રતિવાદીઓને કબુલ ના હોઈ બીનઅમલી અને કાયદા વિરૂધ્ધનો તેમજ ગ્રાહય ના હોવાની તમામ હકીકતો ખોટી છે અને અમો વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવી ના શકીએ તે માટે ઉપજાવી કાઢેલ હોઈ અમો વાદી કબુલ રાખતા નથી.

પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ તેઓના લેખિત જવાબના પેરા– ૧૦ માં જણાવ્યા મુજબ નોંધ નંબર ૪૨૪ ની તા.૯/૮/૭૪ ના રોજ વારસાઈ અંગેની પડેલી છે તે મુજબ બહેચરભાઈ અમથાભાઈ રાવળ ગુજરતાં દાવાવાળી જમીનમાં રાવળ બોરાભાઈ બહેચરભાઈ રાવળ મોતીભાઈ બહેચરભાઈ રામીબેન તે રામાભાઈ ની વિધવા પુરૂષોત્તમભાઈ રામાભાઈ બહેચરભાઈ કંકુબેન રામાભાઈ ની દિકરી આમ કુલ ૫ જણાની વારસદાર તરીકે નોંધ પડતાં રાવળ બોરાભાઈ બહેચરભાઈ રામીબેન રામાભાઈ બહેચરભાઈ અને મોતીબેન બહેચરભાઈ પુરતી નોંધ મંજુર થયેલાની અને બાકીના પુરૂષોત્તમભાઈ રામાભાઈ અને કંકુબેન રામાભાઈ ના નામો સદર એન્ટ્રીના આધારે દાખલ થયેલ ના હોવાની અને ત્યારબાદ તરત જ નોંધ નંબર ૪૨૪ થી હક જતો કરેલ હોવા બાબતે પુરૂષોત્તમભાઈ રામાભાઈ કંકુબેન રામાભાઈ તથા રામીબેન રામાભાઈ ના નામો બાબતે નોંધ નંબર ૪૨૪ પડયા બાબતે અમો વાદીના વડીલે જમીન એકલાના નામે દાખલ કરવા નોંધ પડાવેલાની જે હકીકત જણાવેલછે જે નોંધ નંબર ૪૨૪ માં જણાવેલ શેરા મુજબ રદ થયેલાની કે તે નોંધ વિરૂધ્ધ બોરાભાઈ બહેચરભાઈ રાવળે કોઈ અપીલ કે રીવીજન કરેલ ના હોવાની તથા દાવાવાળી જમીન પૈકી સર્વે નંબર ૨૧/૨ કે જનો નવો સર્વે નંબર ૧૨૫ ની જમીન સ્થળ ઉપર સળંગ આવેલાની જેમાં વિદ્યુત કનેકશન આવેલાની જે

વાદી નંબર ૧ ના નામે પ્રતિવાદીઓની જાણ સંમતીથી મેળવવામાં આવેલાની જયારે સર્વે નંબર ૨૪ માં પિયત માટે કુવો આવેલ છે અને મેળવેલ વીજ કનેકશન દ્ધારા બંન્ને જમીનો કુવામાંથી પાણી મેળવી પિયત કરતા હોવાની અને સર્વે નંબર ૨૪ સળંગ આવેલાની હકીકત ખોટી છે કારણ કે મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનના મુળ માલીક મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈ નાઓ હતા અને તેઓ સદરહુ જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને અમો વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળ નાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈએ તેઓની તથા તેમના પત્નીની સેવાચાકરી ભરણપોષણ તથા તેઓના મરણબાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાના શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનો વહેચણીથી અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વેશાખ સુદ–૩ ના રોજ લખાણ કરીને આપેલ અને તે દિવસે સદરહુ જમીનોનો કબજો અમો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને સુપ્રત કરેલ અને સદરહુ જમીન તેઓ હયાત હતા ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે અમો વાદી સદરહુ જમીનનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ છીએ જેથી તેમાં પ્રતિવાદીઓનો કે અન્ય કોઈનો લાગભાગ કે હક હિત આવેલ નથી પરંતુ એકમાત્ર રેકર્ડે જે નામ ખોટી રીતે ચાલતા હતા તેના આધારે સદર હકીકત જણાવેલ હોઈ જેથી તે હકીકત અમો વાદી કબુલ રાખતા નથી.

પ્રતિવાદી નંબર ૧/૨ થી ૩ તથા ૯/૧ થી ૯/૩ તથા ૯/૫ તથા ૧૨, અને ૧૩ નાએ તેઓના લેખિત જવાબના પેરા– ૧૧ માં જણાવ્યા મુજબ સર્વે નંબર ૨૧/૨ અને સર્વે નંબર ૨૪ વચ્ચે નાળીયુ આવેલાની જે નાળીયાની પુર્વે સર્વે નંબર ૨૧/૨ અને પશ્ચિમે સર્વે નંબર ૨૪ આવેલાની

અને તે વાદી તથા પ્રતિવાદીઓની સંયુક્ત માલીકી કબજો ભોગવટો આવેલાની હકીકત તદ્દન ખોટી છે તથા પેરા–૧૨ માં જણાવ્યા મુજબ સર્વે નંબર ૨૧/૨ માં પ્રતિવાદીઓએ અગાઉ બાજરીનુ વાવેતર કરેલાનુ અને ત્યારબાદ હાલમાં ઘઉંનુ વાવેતર કરેલાની તથા સર્વે નંબર ૨૪ હાલ પડતર હોવાની અને અગાઉ જાર નુ વાવેતર પ્રતિવાદીઓએ કરેલાની હકીકત તદ્દન ખોટી છે તથા પેરા–૧૩ માં જણાવ્ય મુજબ અમો વાદીએ હાલનો દાવો તથા મનાઈ અરજી ખોટી તેમજ ગેરકાયદેસર રીતે જમીન પડાવી લેવાના બદ ઈરાદાથી પ્રતિવાદી વિરૂધ્ધ દાખલ કરેલાની તથા ખોટા ખર્ચમાં ઉતારેલાની અને તેથી અમો વાદીનો દાવો ખર્ચ સહીત રદ થવાને પાત્ર હોવાની અને પ્રતિવાદીઓ પચાસ હજાર કોષ્ટ મેળવવા હકદાર હોવાની હકીકત તદન ખોટી હોઈ અમો વાદી કોઈપણ રીતે કબુલ રાખતા નથી અને અમો વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છીએ. સદર દાવાના કામે આંક ૩૨ નાં પુરાવા લીસ્ટની જરૂરી અસલ તથા સર્ટી.પુરાવાઓ રજુ કરેલા છે જેમાં આંક– ૩૬ થી ૪૮ સુધીનાં જે પુરાવાઓ રજુ કરેલા છે તેના ઉપર અમો વાદી આધાર રાખીએ છીએ.

<u>આ કામે પ્રતિવાદીઓનો વાદીનં.૪ ની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે જેથી પ્રતિવાદીઓ તરફે વાદીની ઉલટતપાસ થયેલી નથી.</u>

**(૧૧.૨)** ત્યારબાદ વાદી તરફે સાહેદ કોદરભાઈ જુગાભાઈ રાવળનાએ આંક–૭૪ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનના મુળ માલીક મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈ નાઓ હતાં અને તેઓ સદરહું જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળ નાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈ એ તેઓની તથા તેમના પત્નીની સેવા ચાકરી ભરણપોષણ તથા તેઓના મરણ બાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાનાં શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની

સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનો વહેચણીથી વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ રૂબરૂ સંવત ૨૦૦૧ ના વેશાખ સુદ–૩ ના રોજ લખાણ કરીને આપેલ અને તે દિવસે સદરહું જમીનોનો કબજો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને સુપ્રત કરેલ અને સદરહું જમીન તેઓ હયાત હતા ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે વાદી સદરહું જમીનનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ છે સદરહું મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી.તથા સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનને આ દાવામાં દાવાવાળી જમીન તરીકે સંબોધેલ છે.

મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી.ખેતીલાયક જમીનની પુર્વે :–ડુંગર આવેલો છે તથા પશ્ચિમે:– નાળીયુ મુકી સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીન આવેલી છે ઉત્તરે:– મુળાભાઈ કિશોરભાઈ નુ ખેતીલાયક જમીન આવેલી છે તથા દક્ષિણે:– ગૌચર આવેલ છે.

મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનની પુર્વે:– નાળીયુ મુકી સર્વે નંબર ૨૧/૨ ની ખેતીલાયક જમીન આવેલી છે તથા પશ્ચિમે:– અભેસિંહ મગનસિંહ ની ખેતીલાયક જમીન આવેલી છે તથા ઉત્તરે:– મંછીબેન ખાનાભાઈ વણકર ની ખેતીલાયક જમીન આવેલી છે દક્ષિણે:– ગૌચર આવેલ છે.

એવી રીતે ઉપર વર્ણવી હદખુંટ ચાર વચ્ચેની દાવાવાળી ખેતીલાયક જમીન કે જેના મુળ માલીક વાદીઓ ના દાદા બહેચરભાઈ અમથાભાઈનાઓ અને તેઓની હયાતીમાં વહેચણી કરાર મુજબ દાવાવાળી જમીનો રામાભાઈ

બહેચરભાઈ ની સંમતી અને રાજીખુશીથી તેઓનો હક જતો કરતાં વાદીના પિતાશ્રી મર્હુમ બોળાભાઈ બહેચરભાઈને આપી દીધેલ પરંતુ તે અંગેની રેકર્ડે જેતે સમયે રેકર્ડે નોંધ પાડવાની રહી જતાં સદરહું દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે મર્હુમ બહેચરભાઈ અમથાભાઈનુ નામ ચાલુ રહેલુ ત્યારબાદ તેઓનુ અવસાન થતાં મોજે સરડોઈ તા.મોડાસાના રેવન્યુ રેકર્ડે વારસાઈની નોંધ નંબર ૪૧૪ તા.૯/૮/૭૪ ના રોજ પાડવામાં આવેલ અને તે વખતે એકમાત્ર વાદીના પિતાશ્રીનુ નામ વારસાઈ આધારે દાખલ કરવાનુ થતુ હોવા છતાં વાદીના પિતાશ્રી સહીત અન્ય વ્યકિતઓના નામ દાખલ કરવા માટે નોંધ પાડવામાં આવેલ પરંતુ સદરહું નોંધના કામે જવાબો આધારે ખાતરી કરી સદરહું જમીનમાં એકમાત્ર વાદીના પિતાશ્રીનુ નામ દાખલ કરવાનુ થતુ હોવા છતાં નોધ નંબર ૪૧૪ ના કામે રાવળ બોળાભાઈ બહેચરભાઈ રામીબેન તે રામા બહેચર અને મોતીબેન બહેચરભાઈ પુરતી સદર નોંધ મંજુર કરેલ ત્યારબાદ સાચી હકીકત ધ્યાન ઉપર આવતાં સદરહું વાદીના પિતાશ્રી સિવાયના બાકીના વારસદરોનો સદરહું દાવાવાળી જમીનમાં કોઈ જ લાગ ભાગ હક હિત કે કબજો ના હોઈ વાદીના પિતાશ્રી સિવાય ના બાકીના નામો કમી કરવા માટે મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે નામ કમીની નોધ નંબર ૪૨૪ ની તા.૧૫/૯/૭૪ ના રોજ પાડવામાં આવેલ અને તે નોંધ ના કામે તેવી સ્પષ્ટ હકીકત જણાવવામાં આવેલ છે સદરહું દાવાવાળી જમીન ઉપર નામ કમી કરનારનો કબજો ના હોઈ તેમજ તેમનો હક તેમને કરેલ ઠરાવ મુજબ જતાં કરેલ હોઈ નામ કમી કરવા માટે નોંધ કરવામાં આવેલ ત્યારબાદ સદરહું નોંધ ના કામે કોઈ વાંધો રજુ કરવામાં આવેલ ન હતો અને અસલ વહેચણી કરાર રજુ કરવામાં આવેલ હતો તથા વાદીના પિતાશ્રીને કોઈ નોટીસની બજવણી કરવામાં આવેલ ના હતી અને આમ નોંધ ના કામે તમામ પુર્તતા કરેલ હોઈ સદર નોંધ મંજુર થઈ ગયેલ હશે તેવુ માનવાના કારણે તપાસ કરેલ નહી તથા દાવાવાળી જમીન વહેચણી આધારે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈને મળેલ હોઈ તથા તે વહેચણી સામે પ્રતિવાદી કે તેમના પિતાશ્રીએ કોઈ જ વાંધો તકરાર લીધેલ ના હોઈ આ બાબતે રેકર્ડે કોઈ જ તપાસ કરેલ નહી પરંતુ સદરહું નામ કમીની નોંધ નંબર ૪૨૪ ની રદ થવાના કારણે રેકર્ડે રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે તેઓના

અવસાન બાદ સ્વ.રામીબેન રામાભાઈના વારસોનુ દાવાવાળી જમીન ઉપર કોઈ પણ જાતનો લાગભાગ હક હિત હિસ્સો કે કબજો ના હોવા છતાં રેકર્ડે ચાલતા નામનો દુરૂપયોગ કરી સ્વ.રામીબેન રામાભાઈનુ અવસાન થયાના ૩૫ વર્ષ બાદ મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ ની પાડી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ તેઓનુ નામ દાખલ કરવા માટે કાર્યવાહી કરતાં આ બાબતેની વાદીઓને જાણ થતાં વાદીએ સદરહું નોંધ સામે વાંધા અરજી આપતાં મામલતદારશ્રી મોડાસાએ સદરહું નોંધ નંબર ૧૮૯૯ ને તકરારી રજીસ્ટરે દાખલ કરી આર.ટી.એસ.નંબર ૫૮/૧૧ થી નોંધી કેસ ચલાવેલ પરંતુ હક કમીની નોધ રદ થયેલ હોવાના કારણે સ્વ.રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે અમો વાદીઓની વાંધા અરજી નામંજુર કરી વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ મંજુર કરતો હુકમ કરેલ તે હુકમ સામે વાદીએ નાયબ કલેકટરશ્રી મોડાસા સમક્ષ આર.ટી.એસ.અપીલ નંબર ૧/૧૩ ની દાખલ કરેલ જે અપીલ પણ નાયબ કલેકટરશ્રી મોડાસાએ નામંજુર કરતાં વાદીએ કલેકટરશ્રી અરવલ્લી સમક્ષ આર.ટી.એસ.રીવીજન કેસ નંબર ૧૪૪/૧૪ નો દાખલ કરેલ જે કેસના કામે પણ કલેકટરશ્રી એ ગુણદોષ ઉપર ના જતાં એકમાત્ર રેકર્ડે આધારે નિર્ણય કરી વિવાદીની રીવીજન અરજી ના મંજુર કરતો નિર્ણય કરેલ જે હુકમ વિરૂધ્ધ વાદીએ મે.સચિવશ્રી સમક્ષ હ ક ૫/ અ ૨ લ/૨૫/૧૫ ફેરતપાસ અરજી દાખલ કરેલ તે અરજી ચાલી જતાં મે.સચિવશ્રીએ તા.૬/૧૨/૧૬ ના રોજ વાદીની ફેરતપાસ અરજી નામંજુર કરતો હુકમ કરેલ હતો ત્યારબાદ સમાજના માણસો વચ્ચે પડતાં સદરહું દાવાવાળી જમીન સબંધે સમાધાન માટે વાતચીત થયેલ અને તે માટે બંન્ને પક્ષકારોએ સંમતી દર્શાવતાં સમાધાનની વાતચીતો ચાલેલી પરંતુ લાંબો સમય થવા છતાં આ અંગે કોઈ નિર્ણય ના આવતાં જેથી વાદીએ આ અંગે તપાસ કરતાં જાણવા મળેલ કે પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાંથી પોતાના નામો કમી કરવા માટે સંમત થતા નથી અને રેકર્ડે ચાલતા નામ આધારે કબજો પડાવી દાવાવાળી જમીન વેચાણ કરવા તજવીજ કરી રહેલ છે જેથી વાદી આ બાબતે રેકર્ડની પુરતી માહીતી મેળવી વહેચણી આધારે દાવાવાળી જમીનના એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર હોઈ વાદીઓ વારસાઈ હકે એકમાત્ર માલીક કબજેદાર અને

કલ્ટીવેટર છીએ તેવુ ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના વડવાઓનો કે પ્રતિવાદીઓના કોઈ જ લાગ ભાગ હક હિત કે હિસ્સો રહેલ ન હતો કે નથી તેવુ ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં કાયમી મનાઈ હુકમ મેળવવા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટે હાલનો દાવો આપ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે અમો સદરહું સોગંદનામામાં જણાવેલ હકીકત એટલા માટે જણાવીએ છીએ કે વાદી પ્રતિવાદી અમારા ગામના તથા અમારા સમાજના છે તથા અમો સામાજીક પ્રસંગોએ બધા ભેગા મળતા હોઈ આ બાબતે એકબીજા સાથે વાતચીત થતી હોઈ તથા સદર જમીનની નજીકમાં હમો સોગંદનામુ કરનારની ખેતીની જમીન આવેલ હોઈ અમો અમારી જમીનમાં ખેતીકામ કરવા માટે જઈએ ત્યારે વર્ષોથી વાદીઓના વડીલોને તથા વાદીઓને સદરહું જમીનમાં ખેતીકામ કરતા અને ખેત ઉપજ લેતા જોયેલ છે જેથી સાચી હકીકત જણાવવા માટે હાલનુ આ સરતપાસનુ સોગંદનામુ કરેલ છે.

આ કામે પ્રતિવાદીઓનો વાદીનાં સાહેદની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે જેથી પ્રતિવાદીઓ તરફે સાહેદની ઉલટતપાસ થયેલી નથી.

(૧૧.૩) ત્યારબાદ વાદી તરફે **સાહેદ મહેન્દ્રસિંહ વખતસિંહ પરમારનાએ આંક–૭૮ થી સરતપાસનું સોગંદનામુ** રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનના મુળ માલીક મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈનાઓ હતાં અને તેઓ સદરહું જમીનમાં ખેતી કરી ખેત ઉપજ લેતા હતા અને વાદીના પિતાશ્રી તે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈ રાવળનાઓ તેઓની સેવા ચાકરી કરતા હોઈ તથા તેમના ભાઈ રામાભાઈ બહેચરભાઈ વર્ષોથી અલગ રહેતા હોઈ જેથી મર્હુમ રાવળ બહેચરભાઈ અમથાભાઈએ તેઓની તથા તેમના પત્નીની સેવાચાકરી ભરણપોષણ તથા તેઓના મરણ બાદ કરવી પડતી તમામ સામાજીક ક્રિયાઓ કરવાનાં શુભ આશયથી તેઓની માલીકી કબજા ભોગવટાની મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ તથા સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીનો વહેચણીથી વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને તેઓની હયાતીમાં સાક્ષીઓ

રૂબરૂ સંવત ૨૦૦૧ ના વેશાખ સુદ–૩ ના રોજ લખાણ કરીને આપેલ અને તે દિવસે સદરહું જમીનોનો કબજો વાદીના મર્હુમ પિતાશ્રી બોળાભાઈ બહેચરભાઈને સુપ્રત કરેલ અને સદરહું જમીન તેઓ હયાત હતાં ત્યાં સુધી તેઓ વાવેતર કરી ખેત ઉપજ લેતા આવેલ હતા અને તેઓના અવસાન બાદ વારસાઈ હકે વાદી સદરહું જમીનનો કાયદસરનો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા અને ખેત ઉપજ લેતા આવેલ છે સદરહું મોજે સરડોઈ તા.મોડાસાની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી.તથા સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનને આ દાવામાં દાવાવાળી જમીન તરીકે સંબોધેલ છે.

મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી.ખેતીલાયક જમીનની પુર્વે :–ડુંગર આવેલો છે તથા પશ્ચિમે:– નાળીયુ મુકી સર્વે નંબર ૨૪ ની ખેતીલાયક જમીન આવેલી છે ઉત્તરે:– મુળાભાઈ કિશોરભાઈ નુ ખેતીલાયક જમીન આવેલી છે તથા દક્ષિણે:– ગૌચર આવેલ છે.

મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનની પુર્વે:–નાળીયુ મુકી સર્વે નંબર ૨૧/૨ ની ખેતીલાયક જમીન આવેલી છે તથા પરિશ્ચમે:– અભેસિંહ મગનસિંહ ની ખેતીલાયક જમીન આવેલી છે તથા ઉત્તરે:– મંછીબેન ખાનાભાઈ વણકર ની ખેતીલાયક જમીન આવેલી છે દક્ષિણે:– ગૌચર આવેલ છે.

એવી રીતે ઉપર વર્ણવી હદખુંટ ચાર વચ્ચેની દાવાવાળી ખેતીલાયક જમીન કે જેના મુળ માલીક વાદીઓ ના દાદા બહેચરભાઈ અમથાભાઈ નાઓ અને તેઓની હયાતીમાં વહેચણી કરાર મુજબ દાવાવાળી જમીનો રામાભાઈ બહેચરભાઈ ની સંમતી અને રાજી ખુશીથી તેઓનો હક જતો કરતાં વાદીના પિતાશ્રી મર્હુમ બોળાભાઈ બહેચરભાઈને આપી દીપેલ પરંતુ તે અંગેની રેકર્ડે

જેતે સમયે રેકડે નોંધ પાડવાની રહી જતાં સદરહું દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે મર્હુમ બહેચરભાઈ અમથાભાઈનુ નામ ચાલુ રહેલુ ત્યારબાદ તેઓનુ અવસાન થતાં મોજે સરડોઈ તા.મોડાસાના રેવન્યુ રેકર્ડે વારસાઈની નોંધ નંબર ૪૧૪ તા.૯/૮/૭૪ ના રોજ પાડવામાં આવેલ અને તે વખતે એકમાત્ર વાદીના પિતાશ્રીનુ નામ વારસાઈ આધારે દાખલ કરવાનુ થતુ હોવા છતાં વાદીના પિતાશ્રી સહીત અન્ય વ્યકિતઓના નામ દાખલ કરવા માટે નોંધ પાડવામાં આવેલ પરંતુ સદરહું નોંધના કામે જવાબો આધારે ખાતરી કરી સદરહું જમીનમાં એકમાત્ર વાદીના પિતાશ્રીનુ નામ દાખલ કરવાનુ થતુ હોવા છતાં નોંધ નંબર ૪૧૪ ના કામે રાવળ બોળાભાઈ બહેચરભાઈ રામીબેન તે રામા બહેચર અને મોતીબેન બહેચરભાઈ પુરતી સદર નોંધ મંજુર કરેલ ત્યારબાદ સાચી હકીકત ધ્યાન ઉપર આવતાં સદરહું વાદીના પિતાશ્રી સિવાયના બાકીના વારસદરોનો સદરહું દાવાવાળી જમીનમાં કોઈ જ લાગ ભાગ હક હિત કે કબજો ના હોઈ વાદીના પિતાશ્રી સિવાય ના બાકીના નામો કમી કરવા માટે મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે નામ કમીની નોંધ નંબર ૪૨૪ ની તા. ૧૫/૯/૭૪ ના રોજ પાડવામાં આવેલ અને તે નોંધ ના કામે તેવી સ્પષ્ટ હકીકત જણાવવામાં આવેલ છે સદરહું દાવાવાળી જમીન ઉપર નામ કમી કરનારનો કબજો ના હોઈ તેમજ તેમનો હક તેમને કરેલ ઠરાવ મુજબ જતાં કરેલ હોઈ નામ કમી કરવા માટે નોંધ કરવામાં આવેલ ત્યારબાદ સદરહું નોંધના કામે કોઈ વાંધો રજુ કરવામાં આવેલ ન હતો અને અસલ વહેચણી કરાર રજુ કરવામાં આવેલ હતો તથા વાદીના પિતાશ્રીને કોઈ નોટીસની બજવણી કરવામાં આવેલ ના હતી અને આમ નોંધ ના કામે તમામ પુર્તતા કરેલ હોઈ સદર નોંધ મંજુર થઈ ગયેલ હશે તેવુ માનવાના કારણે તપાસ કરેલ નહી તથા દાવાવાળી જમીન વહેચણી આધારે મર્હુમ બોળાભાઈ બહેચરભાઈને મળેલ હોઈ તથા તે વહેચણી સામે પ્રતિવાદી કે તેમના પિતાશ્રીએ કોઈ જ વાંધો તકરાર લીપેલ ના હોઈ આ બાબતે રેકર્ડે કોઈ જ તપાસ કરેલ નહી પરંતુ સદરહું નામ કમીની નોંધ નંબર ૪૨૪ ની રદ થવાના કારણે રેકર્ડે રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે તેઓના અવસાન બાદ સ્વ.રામીબેન રામાભાઈના વારસોનુ દાવાવાળી જમીન ઉપર કોઈપણ જાતનો લાગભાગ હક હિત હિસ્સો કે કબજો ના હોવા છતાં રેકર્ડે

ચાલતા નામનો દુરઉપયોગ કરી સ્વ.રામીબેન રામાભાઈનુ અવસાન થયાના ૩૫ વર્ષ બાદ મોજે સરડોઈ તા.મોડાસાના ગામ દફતરે વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ ની પાડી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ તેઓનુ નામ દાખલ કરવા માટે કાર્યવાહી કરતાં આ બાબતેની વાદીઓને જાણ થતાં વાદીએ સદરહું નોંધ સામે વાંધા અરજી આપતાં મામલતદારશ્રી મોડાસાએ સદરહું નોંધ નંબર ૧૮૯૯ ને તકરારી રજીસ્ટરે દાખલ કરી આર.ટી.એસ.નંબર ૫૮/૧૧ થી નોંધી કેસ ચલાવેલ પરંતુ હક કમીની નોધ રદ થયેલ હોવાના કારણે સ્વ.રામીબેન રામાભાઈનુ નામ ચાલુ રહેવાના કારણે અમો વાદીઓની વાંધા અરજી નામંજુર કરી વારસાઈની નોંધ નંબર ૧૮૯૯ મંજુર કરતો હુકમ કરેલ તે હુકમ સામે વાદીએ નાયબ કલેકટરશ્રી મોડાસા સમક્ષ આર.ટી.એસ.અપીલ નંબર ૧/૧૩ ની દાખલ કરેલ જે અપીલ પણ નાયબ કલેકટરશ્રી મોડાસાએ નામંજુર કરતાં વાદીએ કલેકટરશ્રી અરવલ્લી સમક્ષ આર.ટી.એસ.રીવીજન કેસ નંબર ૧૪૪/૧૪ નો દાખલ કરેલ જે કેસના કામે પણ કલેકટરશ્રી એ ગુણદોષ ઉપર ના જતાં એકમાત્ર રેકર્ડે આધારે નિર્ણય કરી વિવાદીની રીવીજન અરજી  નામંજુર કરતો નિર્ણય કરેલ જે હુકમ વિરૂધ્ધ વાદીએ મે.સચિવશ્રી સમક્ષ હ ક ૫/ અ ૨ લ/૨૫/૧૫ ફેરતપાસ અરજી દાખલ કરેલ તે અરજી ચાલી જતાં મે.સચિવશ્રીએ તા.૬/૧૨/૧૬ ના રોજ વાદીની ફેરતપાસ અરજી નામંજુર કરતો હુકમ કરેલ હતો ત્યારબાદ સમાજના માણસો વચ્ચે પડતાં સદર હુ દાવાવાળી જમીન સબંધે સમાધાન માટે વાતચીત થયેલ અને તે માટે બંન્ને પક્ષકારોએ સંમતી દર્શાવતાં સમાધાનની વાતચીતો ચાલેલી પરંતુ લાંબો સમય થવા છતાં આ અંગે કોઈ નિર્ણય ના આવતાં જેથી વાદીએ આ અંગે તપાસ કરતાં જાણવા મળેલ કે પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાંથી પોતાના નામો કમી કરવા માટે સંમત થતા નથી અને રેકર્ડે ચાલતા નામ આધારે કબજો પડાવી દાવાવાળી જમીન વેચાણ કરવા તજવીજ કરી રહેલ છે જેથી વાદી આ બાબતે રેકર્ડની પુરતી માહીતી મેળવી વહેચણી આધારે દાવાવાળી જમીનના એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર હોઈ વાદીઓ વારસાઈ હકે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છીએ તેવું ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના વડવાઓનો કે પ્રતિવાદીઓના કોઈ જ લાગ ભાગ હક હિત કે હિસ્સો રહેલ ન

હતો કે નથી તેવુ ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં કાયમી મનાઈ હુકમ મેળવવા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટે હાલનો દાવો આપ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે અમો સદરહું સોગંદનામામાં જણાવેલ હકીકત એટલા માટે જણાવીએ છીએ કે વાદી પ્રતિવાદી અમારા ગામના તથા અમારા સમાજના છે તથા અમો સામાજીક પ્રસંગોએ બધા ભેગા મળતા હોઈ આ બાબતે એકબીજા સાથે વાતચીત થતી હોઈ તથા સદર જમીનની નજીકમાં અમો સોગંદનામુ કરનારની ખેતીની જમીન આવેલ હોઈ અમો અમારી જમીનમાં ખેતીકામ કરવા માટે જઈએ ત્યારે વર્ષોથી વાદીઓના વડીલોને તથા વાદીઓને સદરહું જમીનમાં ખેતીકામ કરતા અને ખેત ઉપજ લેતા જોયેલ છે. જેથી સાચી હકીકત જણાવવા માટે હાલનું આ સરતપાસનું સોગંદનામુ કરેલ છે.

<u>આ કામે પ્રતિવાદીઓનો વાદીનાં સાહેદની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે જેથી પ્રતિવાદીઓ તરફે વાદીનાં સાહેદની ઉલટતપાસ થયેલી નથી.</u>

**(૧૨.૦) <u>મુદ્દા નં.૧ લગત કારણો.</u>**

આ કામે વારસાઇ અંગે આ કામનાં વાદી માલીક બને છે તે સબંધે મુદ્દો છે આ કામે વાદી તરફે જે ડી લીસ્ટ રજુ રાખવામાં આવેલ છે તેમાં વારસાઇ જે ક્લેઇમ કરે છે તેમા સવંત ૨૦૦૧ નાં વૈશાખ સુદ ત્રીજ નાં રોજ લખાણ કરીને આપેલ છે તેના આધારે આ કામનાં વાદી તેમનો રાઇટ ક્લેઇમ કરે છે. આંક-૪૩ વાળો દસ્તાવેજ જોવામાં આવે તો તે નીચે જે વ્યક્તિએ આ લખાણ આપેલ છે તે વ્યક્તિનાં વારસદારોની કોઇ સહી નથી. વધુમાં, તે લખાણમાં કુલ ત્રણ અંગુઠાનાં નિશાન તથા સહી છે અને જેમાં બેચર અમથા, રામાભાઇ બેચરભાઇ નાં અંગુઠાના નિશાન છે તથા રાવળ બોળાભાઇ બેચરભાઇની સહી છે. આ દસ્તાવેજ ત્રીસ વર્ષ જુનો હોય તેને માંગવા અંગેની વાત કરેલી છે અને દલીલમાં પણ આ હકીકત લાવેલા છે. એક વખત આ દસ્તાવેજને માની લેવામાં આવે તો પણ આ કામનાં વાદીઓ વારસાઇ રૂએ મિલકતનાં માલીક બની શકે નહી કારણ કે, વારસાઇ કાયદો હિન્દુ લો પ્રમાણે જોવામાં આવે તો કોઇ બાળક જન્મે તે પહેલા માતાનાં ગર્ભમાં ત્રણ મહીનાનું તે બાળક હોય તે મિલકતનો વારસદાર બને છે. આ કામે આંક-૪૩ વાળો દસ્તાવેજ જે લખી

આપનાર તરીકે છે તેના વારસો ની આ દસ્તાવેજ નીચે સહી નથી અને વડીલોપાર્જીત મીલકત છે કે સ્વ–પાર્જીત મીલકત છે તેની હકીકત આ કામનાં વાદીએ, તેણે રજુ રાખેલ સોગંદનામામાં છુપાવેલી છે. લખી આપનાર વ્યક્તિની વડીલોપાર્જીત મીલકત હોય તો, આવુ લખાણ કરવાની તેને સત્તા પણ નથી અને આવુ સેટલમેન્ટ કરવાનું હોય તો તેના વારસોને વાંધો નથી તે બાબતે આ દસ્તાવેજમાં સહી હોવી જરૂરી છે. વધુમાં રેકર્ડ વંચાણે લેવામાં આવે તો કે જે, વાદી પક્ષે રજુ રાખેલ છે તેમાં વારસાઈની નોંધ નં.૪૧૪ તા.૯/૮/૧૯૭૪ નાં રોજ પાડવામાં આવેલી છે અને નોંધ નં.૪૨૪ થી પાડવામાં આવેલી છે અને રમીબેનનાં અવશાન બાદ ૩૫ વર્ષ બાદ નોંધ નં.૧૮૯૯ ની પાડી પ્રતિવાદીઓનાં નામ દાખલ કરવા માટે કાર્યવાહી કરતા નોંધ નં.૧૮૯૯ પડેલ અને વાદીઓએ રામીબેન રામભાઈનાં નામ બાબતે કોઈ તકરાર લીધેલ નથી કે નોંધ નં.૪૨૪ ને ચેલેન્જ કરવામાં આવેલ નથી અને આંક–૪૩ વાળો જે દસ્તાવેજ છે તેના આધારે કોઈ નોંધ પડાવેલ નથી અને ૧૮૯૯ ની વારસાઈની નોંધને આ કામના વાદીએ પડકારેલ છે અને તે મંજુર થયેલ છે. તકરારી મીલકતમાં જે નોંધ નં.૪૨૪ ની જે રદ્દ થયેલી તેને પડકારવામાં આવેલ નથી.

હાલનાં આ કામે આંક–૪૩ થી જે દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે તેમા લખી આપનાર તરીકે બેચરભાઈ અમથાભાઈ નું નામ દર્શાવેલ છે તે વ્યક્તિ તેમજ તેમનાં ફેમીલીની લખાવી લેનારે સેવા ચાકરી કરી હોય, દવા–દારૂનો ખર્ચ કરેલ હોય અને તેઓની અંતીમ ક્રિયા સુધીની તમામ કામગીરી વાદીઓએ કરેલ હોય અને સારી રીતે કરેલ હોય તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી એટલે કે, દા.ત.કોઈ વ્યક્તિ બીમાર પડે તો દવાનું બીલ હોય, ડોક્ટરનું બીલ હોય વેગેરે પૈકીનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી.

હાલનાં આ કામે વાદી તરફે પોતાનો કબજો છે તે એસ્ટાબ્લીશ કરવા માટે દાવો દાખલ થયો તે વખતે કોર્ટ કમીશ્નરનું પંચનામા માટે અરજી કરેલ નથી કે નકશો કરવા માટે કોઈ અરજી આપવામાં આવેલ નથી. ચાલુ પુરાવાએ કોર્ટ કમીશ્નરની અરજી આપવામાં આવેલી છે આ અદાલતે કોઈ પુરાવો ઉભો કરવા મદદ ન કરી શકાય તેવુ ટાંકી ને તે અરજી નામંજુર કરેલ છે. વધુમાં

હિન્દુ સક્શેસન એક્ટ મુજબ વડીલોપાર્જીત મીલકત હોય તો આવી મીલકત હસ્તાંતર કરવા કે નામ કમી કરવા માત્ર એક વ્યક્તિને સત્તા નથી અને રેવન્ય રેકર્ડે માલીક તરીકે આ કામનાં વાદીઓનાં નામ નથી. વધુમાં આ કામનાં વાદીઓએ જે રેવન્યુ નોંધ નં.૮૯૯ પડકારેલ તેના હુકમને રેવન્યુ ઓથોરીટી રૂબરૂ પડકારવી જોઇએ નહી કે સિવીલ કોર્ટમાં એટલે કે, આ કામનાં વાદીઓ વારસાઇ અધિનીયમ મુજબ તેઓ તકરારી મીલકતનાં માલીક છે એવી હકીકત રેકર્ડ ઉપર સાબીત કરી શકેલ નથી અને તે સબંધે કોઇ પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં, આ કામનાં વાદીએ આંક-૪૩ નો દસ્તાવેજી પુરાવો જે સિવીલ કામમાં રજુ રાખેલ છે તે રેવન્યુ ઓથોરીટી રૂબરૂ આ દસ્તાવેજી પુરાવો રજુ રાખ્યો હશે તેવુ માની શકાય આ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેવામાં આવે તો તેમાં કોઇ સાક્ષીની સહી નથી. તે દસ્તાવેજી પુરાવો ૩૦ વર્ષ જુનો હોવા છતા આ પુરાવો ખંડીત હોય માની શકાય નહી અને માત્ર આંક-૪૩ નાં આધારે આ કામનાં વાદીઓ મીલકતનાં માલીક છે તેવુ કહી શકાય નહી. આમ, વાદીઓ વારસાગત રૂએ મીલકતનાં માલીક છે તેવુ સાબીત કરી શકતા ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું.

(૧૩.૦) **<u>મુદ્દા નં.૨ લગત કારણો.</u>**

આ મુદ્દો તકરારી મીલકતનાં કબજા અંગેનો છે. આ કામે વાદીઓએ દાવો દાખલ થયો ત્યારે કોર્ટ કમીશ્નરનું પંચનામુ કરાવેલ નથી માત્ર મહેસુલી રકમ ભર્યાની પાવતીઓ તથા લાઇટબીલ રજુ રાખેલ છે તેટલા માત્ર કારણથી તકરારી મીલકત તેમના કબજામાં છે તેમ કહી શકાય નહી. આ કામે જો ખરેખર તેઓનો કબજો હોય તો પાણી પત્રકની નકલ જો વાદીઓએ રજુ રાખેલ હોય તો સત્ય હકીકત રેકર્ડ ઉપર આવેલ હોત. આ કામે વાદીઓ દ્વારા આવી કોઇ હકીકત જ્યારે વારસાઇની નોંધ નં.૧૮૯૯ પડી ત્યારબાદ થી વાદીનાં કબજામાં કોઇ મીલકત હોય તેવો કોઇ આધારરૂપ પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી. જો ખરેખર દાવો દાખલ કરતી વખતે તેઓનું પજેશન હોત તો તે સમયનું પાણી પત્રક અને ૭/૧૨, ૮/અ વગેરે દસ્તાવેજી પુરાવા રજુ રાખ્યા હોત. જે દસ્તાવેજી પુરાવા રજુ રાખ્યા છે તેમાં જે પાવતીઓ છે તેનાં માત્ર કારણ થી સિવીલ રાઇટ્સ મળી શકે નહી. આ કામનાં વાદી સિવીલ રાઇટ લેવા માટે આવેલા છે. માત્ર રેવન્યુ નોંધ રેવન્યુ રેકર્ડમાં જે નામ

અગાઉ ચાલતુ હતુ તેના આધારે તેઓનું પજેશન છે તેવો પુરાવો આપેલ છે પણ રેવન્યુ રેકર્ડમાં જે જુનુ નામ ચાલે છે તે ૧૮૯૯ ની રેવન્યુ નોંધ પડ્યા બાદ તેઓનું નામ ચાલુ છે તેવો કોઇ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી અને રેવન્યુ લો મુજબ ખેતીની જમીનનો કબજો એસ્ટાબ્લીશ કરવા માટે પાણી પત્રકમાં નામ હોવુ ફરજીયાત છે આવો કોઇ આધાર પુરાવો રજુ રાખેલ નથી. જેથી તકરારી મીલકતો વાદીનાં પજેશનમાં છે તેમ કહી શકાય નહી. આમ વાદીઓ તકરારી મીલકતનાં પજેશનમાં છે તેવુ સાબીત કરી શકતા ન હોય મુદ્દા નંબર ૨ નો જવાબ "નકારમાં "આપુ છું.

(૧૪.૦) <u>**મુદ્દા નં.૩ લગત કારણો**</u>

હાલનાં આ કામે મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા પ્રમાણે આ કામનાં પ્રતિવાદીઓનાં નામ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ છે તે વારસાઇની નોંધના આધારે થયેલ છે અને આ કામનાં વાદીઓએ તે નોંધને રેવન્યુ ઓથોરીટીમાં પડકારેલ છે અને રેવન્યુ ઓથોરીટીએ આ કામનાં વાદીઓનાં વિરૂદ્ધમાં હુકમ કરેલ છે. ત્યારબાદ આ કામનાં વાદીઓએ તે હુકમને યોગ્ય તે હકુમતમાં રેવન્યુ ઓથોરીટી રૂબરૂ ચેલેન્જ કરવામાં આવેલ નથી અને હિન્દુ સક્શેસન એક્ટ મુજબ મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા પ્રમાણે આ કામનાં પ્રતિવાદીઓ સીધી લીટીનાં વારસદાર છે અને તે ખોટી રીતે વારસદાર તરીકે જોડાયેલા હોય તેવી હકીકત વાદીઓ સાબીત કરી શકતા નથી.

**હાલનાં આ દાવામાં વાદીએ નીચે મુજબ દાદ માંગી છે.**

(અ) મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦-૨૪-૩૧ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદ ખુંટ દાવા અરજીના પેરા ૨.૧ માં વર્ણવેલ છે તે તથા મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦-૪૨-૫૬ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા ૨.૨ માં વર્ણવેલ છે તે દાવાવાળી ખેતીલાયક જમીનના માલીક અમો વાદીના મર્હુમ પિતાશ્રી રાવળ બોળાભાઈ બહેચરભાઈ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ ૩ ના રોજ લખવામાં આવેલ વહેચણી કરાર આધારે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર છે તેવું ઠરાવવા તથા સદરહું

દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદ ખુંટ દાવા અરજીના પેરા ૨.૧ તથા ૨.૨ માં વર્ણવેલ છે તે ખેતીલાયક જમીનમાં પ્રતિવાદીઓનો કે તેઓના વડવાઓનો કે તેઓના વંશ વાલી વારસોનો કોઈ જ લાગ ભાગ હક હિત કે હિસ્સો નથી તેવુ ઠરાવવા મે.કરશોજી.

(બ) મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા ૨.૧ માં વર્ણવેલ છે તે તથા મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદ ખુંટ દાવા અરજીના પેરા ૨.૨ માં વર્ણવેલ છે તે દાવાવાળી ખેતીલાયક જમીનના માલીક અમો વાદીના મર્હુમ પિતાશ્રી રાવળ બોળાભાઈ બહેચરભાઈ સંવત ૨૦૦૧ ના વૈશાખ સુદ ૩ ના રોજ લખવામાં આવેલ વહેચણી કરાર આધારે એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર હતા અને તેઓના અવસાન બાદ સદરહું દાવાવાળી જમીન ના અમો વાદીઓ એકમાત્ર માલીક કબજેદાર અને કલ્ટીવેટર હોઈ તે દાવાવાળી ખેતીલાયક જમીનમાં અમો વાદીઓ કે અમારા નોકરો માણસો એજન્ટોને ખેતીકામ કરતા કે ખેત ઉપજ લેતા પ્રતિવાદીઓ કે તેમના નોકરો માણસો એજન્ટો રોકે રોકાવે નહી તેવો અમો વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી મનાઈ હુકમ આપવા મે.કરશોજી.

(ક) મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૧/૨ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૨૫ ની ૦–૨૪–૩૧ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા ૨.૧ માં વર્ણવેલ છે તે તથા મોજે સરડોઈ તા.મોડાસા ની સીમના મુળના સર્વે નંબર ૨૪ કે જેનો એકત્રીકરણ બાદ નવીન બ્લોક/સર્વે નંબર ૯૪ ની ૦–૪૨–૫૬ હે.આરે.ચો.મી.દાવાવાળી ખેતીલાયક જમીન કે જેની હદખુંટ દાવા અરજીના પેરા ૨.૨ માં વર્ણવેલ છે તે દાવાવાળી ખેતીલાયક જમીનના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓનુ નામ ચાલતુ હોઈ તે આધારે પ્રતિવાદીઓ દાવાવાળી જમીન અન્ય કોઈપણ વ્યકિતને વેચાણ ગીરો બક્ષીસ થી તબદીલ કરે કરાવે નહી કે દાવાવાળી જમીન ઉપર કોઈપણ બેંક મંડળી કે અન્ય

સંસ્થામાંથી બોજો ધિરાણ લે–લેવડાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ આપવા મે.કરશોજી.

(ડ) આ દાવાનું તમામ ખર્ચ અપાવવા તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી આનુસાંગીક દાદ અપાવવા મે.કરશોજી.

ઉપરોક્ત દાદ જે માંગવામાં આવેલી છે તે સિવીલ કોર્ટમાં દાવામાં ક્લેવર ડ્રાફ્ટીંગ થી રેવન્યુ નોંધને ચેલેન્જ કરવામાં આવેલ છે. બોમ્બે રેસ જયુડીકેટા કલમ– ૧૧ લક્ષમાં લેવામાં આવે તો,

**Requirement of Exhaustion:** No civil court can entertain a suit against a revenue officer's order unless the plaintiff has exhausted all rights of appeal or revision provided by law.

- **Context:** It works alongside Section 4 of the Act, which bars civil court jurisdiction in matters specifically designated to revenue officers (e.g., land assessment, boundary disputes, or recovery of revenue).
- **Purpose:** To prevent immediate interference by civil courts in the ongoing administrative process of land revenue management.

ઉપરોક્ત કલમ લક્ષમાં લેવામાં આવે તો, હાલનાં આ દાવાને કાયદાનો બાધ આવે છે. આ અદાલતની હકુમત રહેતી નથી. આ કામે વાદીને જે દાવો દાખલ કરેલ છે તેમાં મનાઇ હુકમની અરજી છે અને તે મારા પુરોગામી વિ.જજ સાહેબશ્રીએ નામંજુર કરેલી છે. વધુમાં આ દાવો રૂા.૩૦૦/– નાં હકુમતનાં આંક થી દાખલ કરવામાં આવેલ છે અને તેમાં કુલ ત્રણ ચાર દાદ માંગેલી છે. જેમાં (બ) દાદમાં મનાઇ હુકમ માંગેલ છે, (અ) દાદમાં વિજ્ઞાપન માંગેલ છે અને (ક) દાદમાં પણ કાયમી મનાઇ હુકમ માંગેલ છે. સ્પેશીફીક રીલીફ એક્ટ અન્વયેની મનાઇ હુકમની દાદ હોય તો વાદીએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવુ જોઇએ તેના વિરૂદ્ધની હકીકતો પણ જાહેર કરવી જોઇએ, આવી દાદ જ્યાં કોઇ રેમીડી ઉપલબ્ધ ન હોય ત્યારે અને તેવા સંજોગામાં સિવીલ કોર્ટમાં સ્પેશીફીક

રીલીફ એક્ટ અન્વયેની દાદ માંગવાની હોય છે. આ કામે વાદીઓએ રેવન્યુ નોંધને રેવન્ય ઓથોરીટી રૂબરૂ ચેલેન્જ કરેલ છે અને તે હુકમ આ કામનાં વાદીઓનાં વિરૂદ્ધ આવતા આ દાવો દાખલ કરેલ છે. પ્રથમ તો, વાદીઓનું દાવા અરજીનું ડ્રાફ્ટીંગ જોતા કલેવર ડ્રાફ્ટીંગ કરી રેવન્યુ નોંધ ને સિવીલ અદાલતમાં પડકારેલ છે. જે સિવીલ અદાલતને હકુમત નથી તેમછતા સિવીલ દાવો સિવીલ રાઇટ માટે દાખલ કરેલ છે આમ, વાદીઓ અદાલતમાં જે સિવીલ દાવો દાખલ કરેલ છે તેને પણ હકુમતનો બાધ આવે છે. વધુમાં ઉપર કરેલ ચર્ચા મુજબ આ કામનાં વાદીઓ એવુ સાબીત કરી શકેલ નથી કે પ્રતિવાદીઓએ ખોટી રીતે રેવન્યુ રેકર્ડમાં દાવાની તકરારી મીલકતમાં નામ દાખલ કરાવેલ છે અને આવી હકીકત વાદી સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં આપુ છું.

**(૧૫.૦) <u>મુદ્દા નં.૪ લગત કારણો</u>**

હાલનાં આ કામે દાવાને સમય મર્યાદાનો બાધ આવતો નથી તેવુ સાબીત કરવાની વાદીની જવાબદારીનો મુદ્દો છે. આંક–૪૩ નો દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેવામાં આવે તો તે ૩૦ વર્ષ કરતા જુનો છે. વધુમાં, આ કામનાં વાદી આંક–૪૩ વાળા દસ્તાવેજનાં આધારે તેઓ વાદગ્રસ્ત મીલકતોનાં કાયદેસરનાં માલીક છે તેવુ ઠરાવવા માટે હાલનો આ દાવો લાવેલ છે. રેવન્યુ ઓથોરીટીએ આ કામનાં વાદીઓ વિરૂદ્ધ હુકમ કરેલ છે અને આ કામનાં વાદીઓએ રેવન્યુ ઓથોરીટીમાં ચેલેન્જ કરવાને બદલે ડાયરેક્ટ સિવીલ કોર્ટમાં દાવો કરેલ છે એટલે કે જે ૩૦ વર્ષ જુનો આંક–૪૩ વાળો દસ્તાવેજ છે તેના આધારે દાવો કરેલ છે હિન્દુ વારસા અધિનીયમ મુજબ દાદ માંગેલ છે તો તે દસ્તાવેજ થયો અને દસ્તાવેજ લખી આપનાર શ્રી બેચરભાઇ અમથાભાઇનું અવશાન થયાનાં ૧૨ વર્ષમાં આવો દાવો લાવવો પડે જે લાવેલ નથી. જે લીમીટેશન એક્ટ આર્ટીકલ ૧૦૬ માં જણાવ્યા મુજબ એટલે કે જે નીચે મુજબ છે.

**સમયમર્યાદા અધિનીયમ અનુચ્છેદ નં.૧૦૬**

**પ્રવર્તક અથવા વહીવટકર્તા અથવા મીલતની વહેચણી કરવા માટે કાયદેસરની જવાબદારી હેઠળ રહેલ વ્યક્તિ સામે, વારસાની રકમ અથવા વસિયત કર્તાએ આપેલ શેષ રકમનો હિસ્સો અથવા અવસિયતી**

**ગુજરનારની મિલકતમાંથી ભાગે પડતો હિસ્સો મેળવવા માટે વારસાની અથવા હિસ્સાની રકમ પ્રથમ ચુકવવાપાત્ર અથવા વહેચણીપાત્ર થી હોય ત્યારથી બાર વર્ષ**

જો બીજી રીતે વીચારીએ તો વારસાઇ રૂએ દાખલ થવા આ કામનાં વાદીઓ આવેલ હોય તો જે દિવસે આંક–૪૩નો દસ્તાવેજ લખનાર શ્રીનું અવશાન થયુ તે દિવસથી બાર વર્ષમાં દાવો દાખલ કરવો જોઇએ, લીમીટેશન એક્ટમાં આર્ટીકલ ૧૦૭ નીચે મુજબ જણાવે છે.

**સમયમર્યાદા અધિનીયમ અનુચ્છેદ નં.૧૦૭**

વારસાગત પદ માટે બાર વર્ષમાં દાવો દાખલ કરવો પડે જે આ કામે કરવામાં આવેલ નથી. આમ મુદ્દા નં.૪ માં જણાવ્યા મુજબ વાદી હાલનાં આ દાવાને સમયમર્યાદાનો બાધ આવતો નથી તેવુ સાબીત કરી શકેલ ન હોય મુદ્દા નં.૪ નો જવાબ નકાર માં આપુ છું.

(૧૬.૦) <u>મુદ્દા નં.પ લગત કારણો</u>

હાલનાં આ કામે પ્રતિવાદી દ્વારા કોઇ મૌખીક પુરાવો આપવામાં આવેલ નથી. માત્ર જવાબ રજુ રાખવામાં આવેલ છે અને તે જવાબ વંચાણે લેવામાં આવે તો જવાબમાં એવો કોઇ બચાવ રજુ રાખેલ નથી કે, હાલનાં આ દાવાને પક્ષકારોનો બાધ આવે છે અને તે સબંધે પ્રતિવાદીઓએ કોઇ પુરાવો પણ આપેલ નથી. જેથી પ્રતિવાદીઓ હાલનાં આ દાવાને પક્ષકારનો બાધ આવતો હોય અને જરૂરી પક્ષકારો જોડેલ નથી તેવુ સાબીત કરી શકતા ન હોય આ મુદ્દો પ્રતિવાદી સાબીત કરી શકતા ન હોય મુદ્દા નં.પ નો જવાબ નકારમાં આપુ છું.

વધુમાં આ કામે મુદ્દા નં.૧ થી પ માં ચર્ચા કર્યા પ્રમાણે ન્યાયનાં વિશાળ હિતમાં મુદ્દા નં.૬ નો જવાબ નીચે મુજબ આપુ છું.

**–:: હુકમ ::–**

૧. હાલનો વાદીનો દાવા નં.૬૧/૨૦૧૯ નામંજુર કરૂ છું.

૨. પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

૩. આ દાવાનાં કામે કોઇ અરજી પેન્ડીંગ હોય તો તેને ફેંસલ થયેલી જાહેર કરૂ છું.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજ રોજ તા. **૧૦ મી**, માહે– **એપ્રિલ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| તારીખઃ– | ૧૦/૦૪/૨૦૨૬ | (મનોજ શંભુપ્રસાદ દવે)<br>પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ**,**<br>મોડાસા.<br>**જી.જે.૦૦૭૬૦** |
| સ્થળઃ– મોડાસા | | |

પી.જી.સોનારા